THURSDAY
૦૪-૦૨-૨૦૨૧
વિ.સ. ૨૦૭૭, પોષ વદ ૦૭
અંક : ૧૦૨
કુલ પાના : ૮

સત્ય માટે, સત્ય સાથે સતત..

# ચક્રવાત

રાજકોટથી પ્રસિદ્ધ થતું અને બહોળો ફેલાવો ધરાવતું દૈનિક અખબાર....




● મેનેજિંગ તંત્રીશ્રી : જિજ્ઞેશભાઈ કાલાવડીયા ● તંત્રીશ્રી : યાકુબ આર. બાદી ● એસો. એડીટર : જે.પી. જાડેજા ● હેડ ઓફિસ : ચક્રવાત ભવન, અંબાજી કડવા પ્લોટ, આનંદ બંગલા ચોક પાસે, મવડી રોડ, રાજકોટ. ● વર્ષ : ૭ ● RNI Reg. No.GUJGUJ/2013/66120 ● કિંમત રૂા. ૪

### સરકાર પોતાનું કામ કરી રહી હોય ૨૬મી જાન્યુઆરીની હિંસક ઘટનાઓ બાબતે તપાસ કરવા સુપ્રિમનો નનૈયો

# ષડયંત્રનો પર્દાફાશ ક્યારે?? ન્યાયિક તપાસનો સુપ્રિમનો ઈન્કાર

**કાયદો પોતાનું કામ કરશે, જેથી આ સ્થિતિમાં અમે કોઈ જ હસ્તક્ષેપ કરવા નથી માંગતા : CJI**

(જી.એન.એસ.)ન્યુ દિલ્હી,તા.૩

ખેડૂત આંદોલનને ધ્યાને લઈ ૨૬ જાન્યુઆરીએ દેશની રાજધાની દિલ્હીમાં યોજાયેલી ટ્રેક્ટર પરેડમાં થયેલી હિંસા બાદ થયેલી અરજીઓને સુપ્રીમ કોર્ટએ ફગાવી દીધી છે. ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયા એસ. એ. બોબડેની આગેવાનીવાળી બેન્ચે બુધવારે અલગ-અલગ અરજીઓની સુનાવણી કરી.

આ દરમિયાન કોર્ટે કહ્યું કે, કેન્દ્ર સરકારે આ મામલાને ગંભીરતાથી લીધી છે એન તેઓ પોતાનું કામ કરી રહ્યા છે. સીજેઆઈ એસ.એ. બોબડે, જસ્ટિસ એ.એસ. બોપન્ના અને જસ્ટિસ વી. રામસુબ્રમણ્યનની બેન્ચે આ અરજીઓ પર સુનાવણી કરી. સુપ્રીમ કોર્ટે અરજીકર્તાઓને કહ્યું કે તેઓ આ સંબંધમાં કેન્દ્ર સરકારને પોતાની રજૂઆત સોંપી શકે છે. તેની સાથે જ સુપ્રીમ કોર્ટે ગણતંત્ર દિવછસ પર દિલ્હીમાં ખેડૂતોની ટ્રેક્ટર પરેડ દરમિયાન હિંસાના મામલાની તપાસ માટે પૂર્વ ન્યાયાધીશની અધ્યક્ષતાવાળી એક પેનલ રચવાની અરજી પર વિચાર કરવાનો ઈકાર કરી દીધો.





સુપ્રીમ કોર્ટની સમક્ષ દાખલ કરવામાં આવેલી અરજીઓમાં એક અરજદાર વિશાલ તિવારી દ્વારા દાખલ અરજીમાં સુપ્રીમ કોર્ટના સેવાનિવૃત્ત ન્યાયાધીશની અધ્યક્ષતામાં ત્રણ સભ્યોના તપાસ આયોગની રચના કરવાનો અનુરોધ કરવામાં આવ્યો હતો. આ આયોગ આ મામલામાં પુરાવાઓ એકત્ર કરવા તથા તેને રેકોર્ડ કરે અને સમયબદ્ધ રીતે રિપોર્ટ કોર્ટમાં રજૂ કરે તેવી માંગ કરવામાં આવી હતી. ત્રણ સભ્યોના આ આયોગમાં સુપ્રીમ કોર્ટના બે નિવૃત્ત ન્યાયાધીશને સામેલ કરવાનો પણ આગ્રહ કરવામાં આવ્યો હતો.

અન્ય એક અરજદાર મનોહર લાલ શર્માએ દાવો કર્યો હતો કે ખેડૂતોના વિરોધ પ્રદર્શનની વિરુદ્ધ કાવતરું ઘડવામાં આવ્યું અને કોઈ પુરાવા વગર ખેડૂતોને કથિત રીતે આતંકવાદ કહેવામાં આવ્યા. શર્માએ કેન્દ્ર અને મીડિયાને નિર્દેશ જાહેર કરી કોઈ પ્રમાણ વગર ખોટા આરોપ લગાવવા અને ખેડૂતોને આતંકવાદી કહેવાથી રોકવાનો અનુરોધ કર્યો છે. કોર્ટે આ અરજીને પણ ફગાવી દીધી છે.

ઉલ્લેખનીય છે કે, કેન્દ્રના ત્રણ નવા કૃષિ કાયદાઓને પરત લેવાની માંગના પક્ષમાં ૨૬ જાન્યુઆરીએ હજારોની સંખ્યામાં ખેડૂતોએ ટ્રેક્ટર પરેડ યોજી હતી, પરંતુ થોડીવારમાં દિલ્હીના રસ્તાઓ પર અરાજક્તા ફેલાઈ ગઈ. અનેક સ્થળે પ્રદર્શનકર્તાઓએ પોલીસના અવરોધોને તોડી દીધા અને પોલીસની સાથે પણ ઘર્ષણમાં ઉતર્યા. પ્રદર્શનમાં સામેલ લોકોએ વાહનોમાં તોડફોડ કરી અને લાલ કિલ્લા પર એક ધાર્મિક ધ્વજ પણ લગાવ્યો હતો.

## નીતિશ સરકારનો ફતવો : સરકાર વિરૂદ્ધ પ્રદર્શન કર્યું તો નહીં મળે સરકારી નોકરી

બિહાર,તા.૩

બિહારના મુખ્યમંત્રી નીતીશ કુમારના એક વિચિત્ર આદેશથી ભારે વિવાદ સર્જાયો છે. નીતીશ કુમારના આ આદેશમાં કહેવામાં આવ્યું છે કે, જો કોઈ રાજ્યમાં સરકાર વિરૂદ્ધ પ્રદર્શન કરશે તો પોલીસ દ્વારા તેમના વિરૂદ્ધ આચરણ પ્રમાણપત્રમાં ગંભીર નોંધ કરવામાં આવશે. જેનો અર્થ થાય છે કે, બિહાર સરકાર વિરૂદ્ધ વિરોધ પ્રદર્શન કરનારાઓને સરકારી નોકરી નહીં મળે.

બિહાર પોલીસવડા એસકે સિંઘલ તરફથી જાહેર કરવામાં આવેલા આ આદેશમાં કહેવામાં આવ્યું છે કે, સરકારી કોન્ટ્રાક્ટ, સરકારી નોકરી, હથિયારોના લાઈસેન્સ અને પાસપોર્ટ



માટે પોલીસનું સર્ટિફિકેટ હોવનું અનિવાર્ય છે. પરંતુ હવેથી જો કોઈ વ્યક્તિ રાજ્યમાં સરકાર વિરોધી પ્રદર્શનો દરમિયાન અપરાધિક ઘટનાને અંજામ આપે અને એમ કરવા બદલ પોલીસ દ્વારા કોઈ ચાર્જશીટ દાખલ કરવામાં આવે તો આ મામલે સંબંધિત વ્યક્તિના ચારિત્ય સત્યાપન એટલે કે જરૂરી સર્ટિફિકેટમાં આ બાબતનો ઉલ્લેખ કરવામાં આવશે. બિહાર પોલીસના નવા ફરમાન પ્રમાણે જો કોઈ વ્યક્તિ કોઈ વિધિ વ્યવસ્થાની સ્થિતિ, વિરોધ પ્રદર્શન, રસ્તા જામ કરવા વગેરે કેસમાં શામેલ થઈને કોઈ પણ પ્રકારના અપરાધિક કૃત્યમાં શામેલ થાય અને તેને આ કામ માટે પોલીસ દ્વાર આરોપ પત્ર પાઠવવામાં આવે તો તે સંબંધે વ્યક્તિના ચારિત્ર સત્યાપન પ્રતિવેદનમાં વિશિષ્ઠ અને સ્પષ્ટ રૂપે વ્યાખ્યા કરવામાં આવે. આ વ્યક્તિએ ગંભીર પરિણામો ભોગવવા તૈયાર રહેવું પડશે.

નીતીશ કુમાર સરકારના આ આદેશનો રાજદના નેતા તેવસ્વી યાદવે ભારે વિરોધ નોંધાવ્યો છે. તેજસ્વીએ સોશિયલ મીડિયા દ્વારા સરકાર પર આકરા પ્રહારો કર્યા હતાં.

## લવ જેહાદની વિરૂદ્ધમાં કાયદો ઘડવા માટે કેન્દ્ર સરકારનો સ્પષ્ટ ઈન્કાર

**મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશમાં હાલમાં કાયદો અમલમાં**

(જી.એન.એસ.)ન્યુ દિલ્હી,તા.૩

કેન્દ્ર સરકારે રાજ્ય સભાના વર્તમાન સત્રમાં પૂછાયેલા એક સવાલના જવાબમાં કહ્યુ છે કે, લવ જેહાદ માટે રાષ્ટ્રવ્યાપી કાયદો લાગુ કરવાની સરકારની કોઈ યોજના નથી. આ મુદ્દો રાજ્ય સરકારનો વિષય છે અને તેના પર કાયદો લાવવો કે નહીં તેની છૂટ રાજ્ય સરકારને છે.

કેરાલાના પાંચ સાંસદોએ પૂછેલા સવાલના જવાબમાં કેન્દ્ર સરકારે આ જવાબ આપ્યો હતો. સરકારે કહ્યુ હતુ કે, ધર્માંતરણ અથવા આંતરધર્મિય વિવાહ પર બેન લગાવવા માટે રાષ્ટ્રવ્યાપી કાયદાની કોઈ યોજના નથી.કેન્દ્રીય ગૃહ રાજ્ય મંત્રી કિશન રેડ્ડીના કહેવા પ્રમાણે ધર્માંતરણ સાથે જોડાયેલા અપરાધ, તેની ઓળખ અને તપાસ રાજ્યના હસ્તક છે.

ઉલ્લેખનીય છે કે, લવ જેહાદને રોકવા માટે ભાજપ શાસિત રાજ્યો મધ્ય પ્રદેશ, ઉત્તર પ્રદેશ દ્વારા કાયદો લાગુ કરવામાં આવ્યો છે. જ્યારે હરિયાણા, આસામ અને કર્ણાટક જેવા રાજ્યોએ પણ આ માટેનો કાયદો લાગુ કરવા માટે જાહેરાત કરી છે.

જોકે ભાજપ સિવાયના પક્ષોની જ્યાં સરકાર છે ત્યાં આ પ્રકારનો કાયદો લાવવામાં આવ્યો નથી.લવ જેહાદના કાયદાને લાગુ કરાયા બાદ યુપી અને એમપીમાં સંખ્યાબંધ કિસ્સાઓમાં ધરપકડો પણ કરવામાં આવી છે.

## ખેડૂત આંદોલનને મળ્યો આંતરરાષ્ટ્રિય સપોર્ટ : રિહાના અને ગ્રેટાનું સમર્થક ટ્વિટ

(જી.એન.એસ.)વોશિંગ્ટન,તા.૩

ભારતમાં બે મહિનાથી જારી ખેડૂતોના આંદોલનની હવે દુનિયાભરમાં ચર્ચા થઈ રહી છે. પહેલા જ કેટલાક દેશોમાં ખેડૂતોના આંદોલન પર ચર્ચા થઈ ચૂકી છે. હવે અમેરિકી પૉપ સ્ટાર રિહાનાએ આને લઈને પોતાનુ સમર્થન વ્યક્ત કર્યુ. જે બાદથી જ ઈન્ટરનેશનલ સેલેબ્રિટી સતત ખેડૂત આંદોલનને લઈને પોતાનો મત મૂકતા રહ્યા છે. પર્યાવરણને લઈને કામ કરનારી ભારતીય એક્ટિવિસ્ટ લિસિપ્રિયા કંગુજમે પણ ટ્વીટર પર ખુલીને ખેડૂત આંદોલનનુ સમર્થન કર્યુ.



લિસિપ્રિયા કંગુજમ તરફથી ટ્વીટ કરી દુનિયાને આ આંદોલનનુ સમર્થન કરવાની અપીલ કરી. સાથે જ તેમણે ક્લાઈમેટ ચેન્જ એક્ટિવિસ્ટ ગ્રેટા થનબર્ગથી પણ આ વિશે ચર્ચા કરવાની અપીલ કરી.

રિહાનાના ટ્વીટ બાદ ગ્રેટા થનબર્ગે પણ ભારતમાં જારી ખેડૂતોના આંદોલનને લઈને ટ્વીટ કર્યુ. ગ્રેટાએ પોતાના ટ્વીટમાં લખ્યુ કે અમે ભારતમાં જારી ખેડૂતોના આંદોલનની સાથે એકઠા થઈને ઉભા છે. રિહાનાના ટ્વીટ બાદ આંતરરાષ્ટ્રીય સંસ્થા હ્યુમન રાઈટ વૉચ, ઈન્ટરનેશનલ ઈન્ટરનેટ રાઈટ્સ સાથે જોડાયેલી સંસ્થા, અમેરિકી મૉડલ અમાન્ડા સેની સહિત કેટલીક મોટી નામી સંસ્થા અને સેલેબ્રિટી ખેડૂતોના આંદોલનનુ સમર્થન કરી ચૂક્યુ છે.




## આપ આવી ખેડૂતોની પડખે : રાજ્યસભામાં રજૂઆત બદલ ત્રણ સાંસદોને સસપેન્ડ કરાયા

(જી.એન.એસ.)ન્યુ દિલ્હી,તા.૩

રાજ્યસભાની કાર્યવાહી શરૂ થતાની સાથે જ ખેડૂતોના મુદ્દે બુધવારે ભારે હંગામો થયો હતો. સદનની કાર્યવાહી શરૂ થયાના થોડા જ સમય બાદ આમ આદમી પાર્ટીના ત્રણ સાંસદોને સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે. આપના સાંસદો ખેડૂત આંદોલનનો મુદ્દો ઉઠાવી છેક વેલ સુધી પહોંચી ગયા હતાં. સભાપતિએ આપના સાંસદોની નારેબાજી અને હંગામાને ધ્યાનમાં રાખી તેમને સસ્પેન્ડ કરી દીધા હતાં.

આપના આ સાંસદોને માર્શલની મદદથી બદનની બહાર કરવામાં આવ્યા હતાં. આ ત્રણેય સાંસદોને સદનની કાર્યવાહીથી દિવસભર માટે સસ્પેન્ડ કરવામાં આવ્યા હતાં.

આ અગાઉ ત્રણ નવા કૃષિ કાયદાને લઈને ખેડૂતોના આંદોલનના મુદ્દે રાજ્યસભાની કાર્યવાહીને પાંચ મીનીટ માટે સ્થગિત કરવામાં આવી હતી. કાર્યવાહી ફરીથી શરૂ થતા સભાપતિ વેંકૈયા નાયડૂએ આપના ત્રણ સાંસદ સંજય સિંહ, સુશીલ ગુપ્તા અને એનડી ગુપ્તાને સદનની બહાર ચાલ્યા જવાની નોટિસ આપી હતી. પરંતુ આ સાંસદોએ આદેશનું પાલન ના કરતા સભાપતિએ માર્શલ બોલાવીને ત્રણેયને સદનની બહાર કાઢી મુક્યા હતાં.

રાજ્યસભાના સભાપતિ વેંકૈયા નાયડૂએ કહ્યું હતું કે, જ્યારે મુદ્દાઓ પર ચર્ચા કરવાનો સમય છે તો પછી નારેબાજી કેમ કરવામાં આવી રહી છે? સભાપતિએ કહ્યું હતું કે, આ સરમુખત્યારશાહી નહીં ચાલે. સભાપતિ સંજય સિંહ, સુશીલ ગુપ્તા અને એનડી ગુપ્તાનું નામ લઈ કાર્યવાહી સુચારૂ રૂપે ચાલવા દેવાની અપીલ કરી હતી. આમ આદમી પાર્ટી તરફથી રાજ્યસભામાં ત્રણ જ સાંસદો છે.

આ અગાઉ કોંગ્રેસ સાંસદ ગુલામ નબી આઝાદ અને આનંદ શર્માએ ખેડૂત આંદોલનના મુદ્દે સંસદની કાર્યવાહી સ્થગિત કરવાની નોટિસ ફટકારી હતી.

## એમેઝોનના નવા સીઈઓ એન્ડી જેસી, જેફ બેજોઝ છોડશે પદ

(જી.એન.એસ.)ન્યૂયોર્ક,તા.૩

એમેઝોનના મુખ્ય કાર્યકારી અધિકારી જેફ બેઝોસ પોતાના પદેથી રાજીનામુ આપવાના છે. તેઓ આ વર્ષના અંત સુધી પદ છોડી દેશે. બેઝોસે એક પત્ર લખીને પોતાના કર્મચારીઓને આ નિર્ણયથી અવગત કર્યા છે. મંગળવારે લખેલા પત્રમાં તેમણે કહ્યુ કે તેઓ કંપનીમાં સીઈઓની ભૂમિકા છોડી રહ્યા છે. તેમના સ્થાને એન્ડી જેસીને સીઈઓ બનાવવામાં આવ્યા છે. જેફ બેઝોસે કહ્યું કે હું એમેઝોન કાર્યકારી અધ્યક્ષની ભૂમિકા નિભાવીશ અને એન્ડી જેસી કંપનીની નવા સીઈઓ હશે.

## હરીયાણા : જિંદમાં ખેડૂત મહાપંચાયતના પાંચ ઠરાવો પાસ કરાયા

હરીયાણા,તા.૩

જિંદના ગામ કંડેલામાં ચાલતી મહાપંચાયતમાં એક દુર્ઘટના થઈ ગઈ છે. દુર્ઘટના પહેલાં મહાપંચાયતને સંબોધિત કરતાં ટિકૈતે કહ્યું હતું કે અમારા દ્વારા સરકારને પાંચ મુદ્દાઓ રજૂ કરવામાં આવેલ છે અને અમે કોઈ પણ સમયે આ મુદ્દાઓ પર ચર્ચા માટે તૈયાર છીએ. સરકારની કિલ્લાબંધી તો અત્યારે એક નમૂનો છે. આગામી દિવસોમાં આવી જ રીતે જ ગરીબની રોટલી પર કિલ્લાબંધી કરી દેવામાં આવશે. રોટી તિજોરીમાં બંધ ન થાય એ માટે જ આ આંદોલન શરૂ કરવામાં આવ્યું છે. હજી સરકારને ઓક્ટોબર સુધીનો સમય આપવામાં આવ્યો છે. આગામી સમયમાં જેવી પણ સ્થિતિ રહેશે, એ હિસાબે જ આગળની રણનીતિ પર ખેડૂતો ચર્ચા કરશે. પોતાના પર ગંભીર કલમ લગાવવા વિશે ટિકૈતે કહ્યું હતું કે આંદોલન ચાલી રહ્યું છે, ચાલતું રહેશે; ત્યાર પછી હું જેલ જઈશ. ટિકૈતે કહ્યું હતું કે આ બધી સરકારની મિલીભગત છે. અમે છેલ્લાં ૩૫ વર્ષથી ખેડૂતોના હિતમાં આંદોલન કરતા આવ્યા છીએ, એ દરમિયાન હંમેશાં સંસદ ઘેરવાની વાત ચોક્કસ કરી છે, પરંતુ લાલકિલ્લા પર જવાની વાત તો અમે કદી કરી નથી અને અમે કદી ગયા પણ નથી. ૨૬ જાન્યુઆરીએ લાલકિલ્લા પર ગયેલા લોકો ખેડૂતો ન હતા અને જે હતા તે સરકારના કાવતરાનો ભાગ હતો. તેમને આગળ જવા દીધા એટલે તેઓ ગયા.

## બિહારમાં મંત્રી મંડળનું વર્તમાન સપ્તાહમાં વિસ્તરણ કરાશે

**૯ ધારાસભ્યોના શીરે મંત્રીપદનો તાજ પહેરાવવા નિતીશકુમારે હાથ ધરેલ કવાયત**

ચક્રવાત ટીમ નવી દિલ્હી, તા.૦૩

બિહારમાં નિતીશકુમારના વડપણ હેઠળની મિશ્ર સરકારમાં ૯ ધારાસભ્યોને ટૂંક સમયમાં મંત્રી બનાવવા અંગેની ચર્ચા આખરી તબક્કામાં પહોંચી છે. થોડા દિવસો પૂર્વે નિતીશકુમાર દિલ્હીની મુલાકાતે આવેલ ત્યારે તેઓ ભાજપનાં પ્રમુખ નડ્ડા ઉપરાંત વરિષ્ઠ નેતાઓને મળ્યા હતા જેમાં ભાજપનાં ધારાસભ્યોના નામની ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. ભાજપ મોવડી તરફથી તેના સભ્યો અંગેની લીલીઝંડી મળતા નજીકન દિવસોમાં મંત્રીમંડળનું વિસ્તરણ કરવામાં આવનાર છે.



આ મામલે નિતીશકુમાર દ્વારા રાજ્યનાં રાજ્યપાલ સાથે પણ ચર્ચા કર્યા બાદ વહિવટી તંત્રનાં ઉચ્ચ અમલદારોને તેડું મોકલી મંત્રીમંડળના વિસ્તરણ અંગે ચર્ચા યોજી હતી. આગામી બે દિવસમાં મંત્રીમંડળનું વિસ્તરણ થશે.

કેન્દ્રિય બજેટ રાષ્ટ્રના દરેક વર્ગ અને દરેક ક્ષેત્રની પ્રગતિ માટેનુ નવુ સીમાચિહ્ન બની રહેવાની સાથે

# બજેટ દેશને વૈશ્વીક ટોચ ઉપર લઈ જનાર બની રહેશે : સાંસદ પૂનમબેન માડમ

ચક્રવાત ટીમ જામનગર, તા.૦૩

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ આત્મનિર્ભર ભારત નો ઉમદા સંકલ્પ કયિ છે ત્યારે મોદીના નેતૃત્વમાં નાણામંત્રી નિર્મલા સીતારમનજી દ્વારા સંસદમાં રજુ થયેલુ બજેટ આ સંકલ્પની સિદ્ધી સમાન બની રહેશે તેમ ૧૨-જામનગર લોકસભાના સંસદસભ્ય પૂનમબેન માડમ એ આ બજેટ ને આવકારતા જણાવી ઉમેર્યુ છે કે કોરોના મહામારીના વિકટ સમયમાં કેન્દ્રીય સબળ અને દીર્ઘદ્રષ્ટા નેતૃત્વમા દેશ હિંમતભેર લડત આપી ફરી પ્રગતી તરફ કુચ કરે છે ત્યારે આ આંદાજપત્ર દરેક વર્ગ અને દરેક ક્ષેત્રને પ્રગતિનુ બળ આપનારૂ નવુ જોમ આપના તો બની જ રહેશે સાથે સાથે આત્મસન્માન અને તંદુરસ્તી સાથે દરેક નાગરીકો તેઓના ક્ષેત્રમાં પ્રગતિ કરી દેશને નવી દિશા આપવા સક્ષમ બને તેવી જોગવાઈઓ કરવામાં આવી હોઈ રાષ્ટ્ર વૈશ્વીક સ્તરે હજુ નોંધપાત્ર સિદ્ધીઓ પ્રાપ્ત કરશે અને આત્મનિર્ભર ભારતનુ ખરા અર્થમાં નિમર્ણિ થાય તે દિશામાં અનેકવિધ સુધારા-વધારાઓ આ બજેટમાં ખૂબજ દુરંદેશીથી આવરી લેવાયા છે. ખાસ કરીને જામનગરની જીવાદોરી સમાન બ્રાસપાર્ટસ ઉદ્યોગ જે પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે બે લાખથી વધુ લોકોને રોજગારી આપે છે તે ઉદ્યોગને આ બજેટથી નવુ જોમ મળશે કેમ કે સ્ક્રેપ ડ્યુટી ઘટી-જીએસટી ઓડીટ નાબુદીથી બ્રાસ સહિતના જામનગર અને દ્વારકા બંને જિલ્લાના વેપાર ઉદ્યોગને રાહત થશે તેમજ ઉદ્યોગોને રો મટીરીયલ સરળતાથી મળશે માટે સંસદસભ્ય પૂનમબેન માડમએ વિશેષરૂપે પ્રધાનમંત્રી મોદી અને નાણામંત્રી નિર્મલાજીનો આભાર વ્યક્ત કર્યો છે. કપરો કાળ સર્વે નાગરીકો હિંમતથી અને કેન્દ્રીય દીર્ઘદ્રષ્ટા નેતૃત્વથી પસાર થયા બાદ અડીખમ ભારત હવે ખરા અર્થમાં સ્વસ્થ્યની દિશામા વધુ સુરક્ષા માટે અને રસીકરણ ક્ષેત્રમા ખાસ જોગવાઈઓ સાથે આત્મનિર્ભર ભારત અને ન્યુ ઈન્ડીયાને સાકાર કરનારા આ સંતુલીત બજેટ માં દરેક વર્ગની નોંધ લઈ એક સર્વાંગી વિકાસ અને ગતિશીલતાને વેગ આપનારી તેમજ વિવિધ ક્ષેત્રમાંથી આવેલી રજુઆતો તેમજ જરિયાતોને સમાવેશ કરતી



જોગવાઈઓ સાથેના આ દુરંદેશીભયિ બજેટ અંગે પ્રધાનમંત્રી મોદી અને નાણામંત્રી સીતારમનનો જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લાના સાંસદ પૂનમબેન માડમએ આભાર વ્યક્ત કર્યો છે. ખાસ કરીને ખેતીપ્રધાન રાષ્ટ્રમાં ખેડૂતોની આવક બમણી કરવાના લક્ષ્યાંકને સિદ્ધ કરવાની મહત્વની જોગવાઈઓ સાથે સાથે ગ્રામિણ ક્ષેત્રના વિકાસની અનેકવિધ યોજનાઓ અને સમાંતર રીતે શહેરોના વિકાસ અને ગતિને વેગ આપવાની જોગવાઈઓ-વેપાર-ધંધા-સ્વરોજગાર-ગૃહઉદ્યોગ સહિત વ્યવસાય-ઉત્પાદન અને સેવા ક્ષેત્રને સાનુકુળતાઓ આપનારી અનેક જોગવાઈઓ આ બજેટમાં કરવામાં આવી છે ઉદ્યોગની-કોર્પોરેટ સહિત ઔધોગીક એકમો માટે સરળ અને ઓછો કર-કંપની એક્ટનુ સરળીકરણ-આરોગ્ય સેવાઓના અને શિક્ષણમાં અગણીત વ્યાપ વધારવા સાથે વીમા-બેકીંગ સહિતના ક્ષેત્રના સુધારા જન જન ને માટે ફાયદો કરનારુ અને અર્થતંત્રને વેગ આપનારા બની રહેશે. મહિલાઓ અને યુવાનોને દિશાસચૂન સાથે રોજગારના અગણિત વ્યાપ વધારવા, બાળકોની તંદરુસ્તી સુધારવી-શ્રમયોગીઓ-વેપારીઓ-ઉધોગકારોને વધુ સુવિધાઓ આપવી-એસ.સી.એસ.ટી તેમજ આદિવાસીઓ માટે મહત્વની જોગવાઈઓ, કારોબારીઓને આથિર્ક સલામતી પુરી પાડવી, તેના સહિતની રાષ્ટ્રના આધાર સમાન બાબતોને તો આવરી લેવાઈ છે. સાથે સાથે નવી શિક્ષણ જોગવાઈઓ જેના ઉપર રાષ્ટ્રનો પાયો વધુ મજબતુ થશે તે ઉપરાંત, વીજળી-પાણી-રેલવે સહિત દરેક પરિવહન સુવિધાઓ-સંશોધન-ઉત્પાદન-નિકાસ-કર માળખા-ડીજીટલાઈઝશેન-ટેકનોલોજી-વિજ્ઞાન-સંશોધન-ટેકનોલોજી-રીસર્ચ-એનજીર-આરોગ્ય-પયર્વિરણ-બેંકીંગ-વીમા સહિતના ક્ષેત્રમાં બારીકાઈથી અભ્યાસ કરી નાની નાની અડચણો દુર કરી સરળતા કેવી રીતે સ્થાપી શકાય તેનો ઉડાણપૂર્વક અભ્યાસ કરવાની જોગવાઈ કરવામાં આવી છે તે બાબતો તમામ વર્ગ અને તમામ ક્ષેત્રે માટે લાંબા ગાળે શ્રેષ્ઠ પરિણામલક્ષી અને અત્યંત ઉપયોગી બની રહેશે તેમ આ યાદીમાં સંસદસભ્ય પૂનમબેન માડમએ વધુમાં જણાવ્યું છે. એકંદર કેન્દ્ર સરકારનું વર્ષ ૨૦૨૧-૨૨નું આ બજેટ રાષ્ટ્રનો દરેક આયામોથી વિકાસ થાય દરેક વર્ગને રાહત થાય અને વધુ સુવિધાઓ મળે તેમ જ માળખાકીય વિસ્તાર થાય અને ખેતી- વિજ્ઞાન-શિક્ષણ-રોજગાર-આરોગ્ય- ટેકનોલોજી અને વિવિધ સુવિધાઓના ક્ષેત્રમાં પણ ક્રાંતિકારી અને સુદ્રઢ ભવિષ્ય નિમર્ણિ થાય તે રીતેનું અને સમગ્ર પણે રાષ્ટ્રના સર્વાંગી વિકાસને આવરી લેતુ અને આત્મનિર્ભર ભારત સાથે ન્યુ ઈન્ડિયાને સાકાર કરનારૂં અને આઝાદી બાદ સુરક્ષીત રાષ્ટ્રની પ્રગતિ થાય તે અંગે સ્વાતંત્ર્ય માટે બલિદાન આપનાર સાદર સ્મણીય શહીદોના સપનાઓને સાકર કરનારૂ આ વિવિધ આયામ લક્ષી અને નવા સંશોધન સાથેનુ આ સંતુલીત બજેટ તંદુરસ્ત અને આત્મનિર્ભર ભારતના નિમર્ણિનો ધ્યેય સાકાર કરવાની દિશામા આ બજેટ રાષ્ટ્રને હજુય વધુ ગરિમામય રીતે વૈશ્વીક ક્ષેત્રે ટોચ અપાવનારૂ બની રહેશે તેમ આ યાદીના અંતમાં સાંસદ પૂનમબેને જણાવ્યું છે.

# જામનગરનો ગુલાબનગર ઓવરબ્રિજ ફરી રકતરંજીત બાઈક અને ટ્રક વચ્ચેના અકસ્માતમાં એકનું મોત

### એક યુવકને ઈજા, ટોળા એકત્ર થયા, ટ્રક ચાલક સામે ફરિયાદ

ચક્રવાત ટીમ જામનગર, તા.૦૩

જામનગરના ગુલાબનગર ઓવરબ્રિજ પાસે ગઈકાલે રાત્રીના બે મોટર સાયકલ અથડાયા હતા દરમિયાનમાં પાછળ આવતો ટ્રક ફરી વળતા એક યુવાનનું ઘટનાસ્થળે કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું જ્યારે અન્ય એક યુવકને ઈજા પહોંચી હતી, આ બનાવ અંગે ટ્રક ચાલક સામે પોલીસમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. જામનગરના બાલાજી પાર્ક ખાતે રહેતા અને હાપા ખાતે નોકરી કરતો મહિપાલસિંહ વિક્રમસિંહ ગોહિલ ઉંમર વર્ષ ૨૦ ગામનો યુવાન ગત રાત્રીના ગુલાબ નગર ઓવર બ્રિજ પરથી મોટરસાયકલ લઈને પસાર થઈ રહ્યો હતો એ દરમિયાન અન્ય એક મોટરસાઈકલ ચાલક જયેશ મનસુખભાઈ મકવાણા સાથે અથડાઈ પડતાં અકસ્માત સર્જાયો હતો અને બંને બાઈક ચાલકો રોડ પર ફંગોળાઈ ગયા હતા. આ વેળાએ પાછળ આવી રહેલા ટ્રક નંબર જી જે ૧૦ ટી એક્સ



૧૦૬૬ ના તોતિંગ વ્હીલ ફંગોળાય ગયેલા યુવાન પર ફરી વળતા ગંભીર ઈજા થવાથી બાઈકચાલક મહિપાલસિંહ ગોહિલ નામના યુવાનનું ઘટનાસ્થળે કરુણ મૃત્યુ નીપજયું હતું, જ્યારે જયેશ મકવાણા નામના યુવાનને પગના ભાગે ગંભીર ઈજાઓ થતાં તાકીદે ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે સારવાર અર્થે જામનગરની જી.જી.હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. અકસ્માતની જાણ થતાં જ પોલીસ ટુકડી ઘટનાસ્થળે દોડી આવી હતી તેમજ લોકોનું ટોળું એકત્ર થઈ ગયું હતું ટ્રકચાલક અકસ્માત સર્જીને પલાયન થઈ ગયેલા ચાલકની શોધખોળ હાથ ધરવામાં આવી છે.

# જામનગર ખરીદ વેંચાણ સંઘમાં ભાજપની પેનલ બીન હરીફ

ચક્રવાત ટીમ જામનગર, તા.૦૩

જામનગર તાલુકા સહકારી ખરીદ વેંચાણ સંઘ લિ.ની વ્યવસ્થાપક કમિટીની ચૂંટણી સંપન્ન થઈ છે. ધારાસભ્ય રાઘવજીભાઈ પટેલ, ડિસ્ટ્રીકટ બેંકના ડાયરેક્ટર પ્રવિણસિંહ ઝાલા તથા સંઘના વર્તમાન પ્રમુખ પ્રદિપસિંહ જાડેજાની આગેવાનીમાં યોજાયેલ ચૂંટણી બિનહરીફ થવા પામી છે. જેમાં ભાજપની પેનલના મોહનભાઈ લવજીભાઈ ડોબરિયા, મગનલાલ ધરમસીભાઈ ભેંસદડિયા, ભગવાનજીભાઈ ખીમજીભાઈ ધમસાણિયા, ભરતભાઈ માવજીભાઈ બોડા અને પ્રદિપસિંહ જશુભા જાડેજા વિજયી થયા છે.

# ભાણવડની ગુજરી બજારમાં ખીસ્સા કાપતી ગેંગને ઝડપતી પોલીસ

ચક્રવાત ટીમ ભાણવડ, તા.૦૩

રાજકોટ રેન્જના નાપો. સંદીપસીહ તથા દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસ વડા સુનીલ જોષી તેમજ નાયબ પોલીસ અધિક્ષક હિરેન્દ્ર ચૌધરીના સીધા માર્ગદર્શન મુજબ અનડીટેક ગુન્હાઓ શોધી કાઢવા સુચનાઓ આપેલ હોય જે અનુસંધાને પેટ્રોલીંગમાં હોય તે દરમ્યાન ડી સ્ટાફના એ.એસઆઈ લખમણભાઈ ગઢવી તેમજ પો.હેડ કોન્સ કે.ડી. મકવાણાની સંયુક્ત ખાનગી રાહે બાતમી હકીકત આધારે ભાણવડ પોલીસ સ્ટેશનના એ પાર્ટ આઈ.પી.સી કલમ ૩૭૯ મુજબના ગુન્હાના કામેના ચોરીમાં ગયેલ મુદ્દામાલ સાથે આ કામે ચોરી કરનાર ગેંગને ભાણવડ તાલુકાના કપુરડીનેશના પાટીયેથી ચોરીમા ગયેલ મોબાઈલ ફોન નંગ-૨ કિ.ા.૧૫૦૦ તથા રોકડા પીયા ૯૦૦૦ તથા અન્ય ત્રણ મોબાઈલ કે જે પૈકી આ કામના



આરોપી નં-૧ વાળી એ કુતીયાણા મેઈન બજારમાંથી ચોરી કરેલ હોય જે ઓપ્પો કંપનીનો એનડ્રોઈડ મોબાઈલ ફોન જેની કિં.ા. ૫૦૦૦ ગણી તેમજ રાણાવાવ બજારમાંથી એક સેમસંગ કપંનીનો બ્લુ કલરનો એડ્રોઈડ મોબાઈલ ફોન કિં.રૂા.૨૦૦૦ ની ચોરી ની કબુલાત આપેલ હોય જેથી બંન્ને મોબાઈલ સીઆરપીસી કલમ-૧૦૨ મુજબ કબજે કરવામાં આવેલ હોય જે બાબતે રાણાવાવ તેમજ કુતીયાણા પો. સ્ટે.જાણ કરવામા આવેલ હોય આમ આરોપીઓ પાસે કુલ મોબાઈલ નંગ-૫૫ કિ.રૂા.૯૦૦૦ તેમજ રોકડા પીયા ૯૦૦૦ મળી કુલ પીયા ૧૮૦૦૦ ના મુદામાલ સાથે આરોપીઓ પકડી આરોપીઓને હસ્તગત કરી કોવીડ-૧૯ ટેસ્ટ કરાવવા તજવીજ હાથ ધરેલ છે અને આરોપીને પો.સ્ટે અલાયદા મમાં કોરોન્ટાઈન કરાવેલ છે. આરોપી ભાવુબેન વા/ઓફ જયીનભાઈ જેન્તીભાઈ સોલંકી જાતે દેવી પુજક ઉ.વ ૨૬ ધધો ઘરકામ રહે.સરકારી દવાખાના પાસે બાળ આશ્રમ ખાડામા ગોંડલ જી રાજકોટ તથા રમેશભાઈ બાબુભાઈ સોલંકી જાતે દેવી પુજક ઉ.વ ૬૫ ધધો મજુરી રહે. મફતીયાપરા દેવી પુજક વાસ રાણાવાવ જી પોરબંદર તથા ભરતભાઈ ડેનીભાઈ વધેલા જાતે દેવી પુજક ઉ.વ ૨૧ ધધો મજુરી રહે. મફતીયાપરા દેવીપુજક વાસ રાણાવાવ જી પોરબંદર મો નં ૯૮૭૯૩ ૬૩૭૪૦. આ કામગીરીમા પો.સબ ઈન્સ. જે.જી.સોલંકી, તેમજ સર્વલન્સ સ્કોડના એ.એસ.આઈ. લખમણ ગઢવી તથા હેડ કોન્સ કીશોરભાઈ નંદાણીયા, તેમજ કનુભાઈ મકવાણા તેમજ પો. કોન્સ. ખીમાભાઈ કેશુરભાઈ કરમુર, બ્રિજેશભાઈ જેસંગભાઈ બોરીચા, કિશોરસીહ ચંદુભા જાડેજા, ભરતભાઈ અરજણભાઈ સભાડ વિગેરે નાઓએ સયુકતમા કરેલ છે.

# જામ્યુકોના કોન્ટ્રાકટર શહેરમાંથી એકાએક થયા અદ્રશ્ય : ભારે ચકચાર

### રસ્તાના કામો રાખતા ધન રાશીના કોર્પોરેટર એકાએક ગુમ થઇ જતા અનેક તર્ક-વિતર્કો શરુ : વેરા ચોરી અંગે ખાનગી તપાસ વેગવાન

ચક્રવાત ટીમ જામનગર, તા.૦૩

જામનગર શહેરમાં મોટાભાગના સીસી રોડના કામો કરતા એક જાણીતા કોન્ટ્રાકટર એકા એક ગાયબ થઈ જતા લેણદારો અને અન્ય આર્થિક વ્યવહાર કરનારાઓમાં ભારે દોડધામ મચી ગઈ છે, ધન રાશીના આ કોન્ટ્રાકટર સામે વેરા ચોરી અંગે પણ તપાસ ચાલી રહી છે ત્યારે જ તેઓ એકાએક ભુગર્ભમાં ઉતરી જતા કોર્પોરેશનમાં ભારે ચકચાર જાગી છે. જાણવા મળતી માહિતી મુજબ કોર્પોરેશનના શેરી અને રસ્તાના સીસી રોડના મોટાભાગના કામ કરનાર આ કોન્ટ્રાકટર બિલ્ડર લોબીમાં મોટા ગજાનું નામ ધરાવે છે, કેટલાક નાના કોન્ટ્રાકટરો પણ તેમની સાથે આર્થિક લેણદેણ કરતા હોય છે ત્યારે ધન રાશીના આ કોન્ટ્રાકટર એકાએક ગાયબ થઈ જતા અનેક ચર્ચાઓ શરુ થઈ છે. આ કોન્ટ્રાકટર દ્વારા રૂપિયા દસ કરોડથી વધુ રકમનો વેરો ભરવામાં ન આવ્યો હોવાની વિગતો ખુલી રહી છે, ત્યારે હાલ તો મહાપાલીકામાં ગઈ કાલથી જ ચર્ચાએ જોર પકડયું છે, આ કોન્ટ્રાકટર દ્વારા કેટલાક નાના કોન્ટ્રાકટરોએ સિમેન્ટ અને રેતી આપવાનો વ્યવહાર હતો એ સંભળાઈ રહયો છે. શહેરની ખાનગી સોસાયટીમાં સીસી રોડના કામો કરવામાં આવે છે, એકા એક ગાયબ થઈ જવાના કારણે અનેક ચર્ચાએ જોર પકડયું છે, હાલ તો કેટલાક લેણદારોની ઉંઘ હરામ થઈ ગઈ છે, આ કોન્ટ્રાકટરનું સારુ એવું નામ છે, ત્યારે આવું કઈ રીતે બન્યું તે અંગે પણ ખાનગી રાહે તપાસ થઈ રહી છે. બીજી તરફ તેમના બાકી રહેતા વેરા અંગે પણ ગુપ્ત રાહે તપાસ શરૂ થતા મહાપાલીકામાં આ પ્રકરણ ચર્ચાના ચકડોળે ચડયું છે.

# જામખંભાળીયામાં ૧૪ ફેબ્રુઆરી એટલે માતૃ-પિતૃ પૂજન દિવસ ઉજવાશે

ચક્રવાત ટીમ ખંભાળિયા, તા.૦૩

દેવભૂમિ દ્વારકા જિલ્લાના ખંભાળિયાના ગુંદી ચોકમાં કાર્યરત શ્રી યોગ વેદાંત સેવા સમિતિ દ્વારા આગામી ૧૪ ફેબ્રુઆરીના રોજ માતૃ-પિતૃ પૂજન દિવસ છે. આ દિવસે આપણાં ભગવત્સ્વરૂપ મા-બાપનું પૂજન જરૂર કરશો. માતા-પિતા પૂજન મહત્વ અને વિધિ દર્શાવતું સુંદર પુસ્તક મા-બાપને ભૂલશો નહિ ઘર બેઠા મેળવવા પુરૂ સરનામુ ૯૪૨૮૭ ૨૮૫૪૦ પર મોકલી આપવા શ્રી યોગ વેદાંત સમિતિના પ્રમુખ વિરલ મોદીની યાદીમાં જણાવાયું છે.

# અમરેલીના કરોડો રૂપિયાની ખનન પ્રકરણમાં ઝડપાયેલા આરોપીઓને જામીન મુકત કરવા વિશેષ અદાલતનો આદેશ

ચક્રવાત ટીમ જામનગર, તા.૦૩

અમરેલી જીલ્લાના પીપાવાવ પોલીસ સ્ટેશનમાં તા.૧૨/૧/૨૧ ના રોજ લેન્ડ ગ્રેબીંગ એકટ (ગુજરાત જમીન પચાવી પાડવા પર પ્રતિબંધનો કાયદો, ૨૦૨૦) ની કલમ ૪ અને ૫ તળે જીલ્લાનો સર્વપ્રથમ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. અમરેલી જીલ્લા કલેકટર ડી.એસ.પી., જીલ્લા વિકાસ અધિકારી અને રેસીડન્સ એડી. કલેકટરની લેન્ડ ગ્રેબીંગ એકટ તળેની કમીટીએ આદેશ કરતા રાજુલા તાલુકાના મામલતદાર કિશોરભાઈ રણછોડભાઈ ગઢીયાએ જીલ્લાની સર્વપ્રથમ લેન્ડ ગ્રેબીંગની ફરીયાદ પીપાવાવ પોલીસ સ્ટેશનમાં કરી હતી.

આ ફરીયાદમાં જણાવ્યા અનુસાર રામપરા ગામના નગાભાઈ અરજણભાઈ વાઘ, અરજણભાઈ વાજસુરભાઈ વાઘ અને કાળભાઈ ગાંડાભાઈ વાઘ નામના ખેડતોએ રામપરા ગામના સર્વ નં. ૪૨ પૈકી ૩ ખેતીની જમીનો અંગેના વેચાણ દસ્તાવેજો કયિ હતા. આ દસ્તાવેજોમાં દશર્વિલ જમીન સર્વ નં. ૪૨ પૈકીની સરકારી પડતર જમીન હતી. આમ, સરકારી જમીન વેચાણ કરવાની પ્રવૃતિ કરવા બદલ ત્રણ આરોપીઓ સામે જીલ્લાની સર્વપ્રથમ ફરીયાદ કરવામાં આવી હતી. આ ફરીયાદમાં વધૂમાં એવો આક્ષેપ કરવામાં આવ્યો હતો કે આ સરકારી જમીનમાં ૫૦ થી ૬૦ ફટ ઉંડા ખાડા કરી ગેરકાયદેસર રીતે રુ. ૪૪,૬૧,૬૪૦૬/- મેટ્રીક ટન માટીના જથ્થાને ગેરકાયદેસર ખોદી રુ. ૭૮,૦૭,૮૮,૦૮૪/- ની કિંમતની માટીનું ઘનન કર્યુ હતું આ ફરીયાદ આધારે અમરેલીના નાયબ પોલીસ અધિક્ષક કે.જે. ચૌધરીએ ત્રણ આરોપીઓની ધરપકડ કરી ૪ દિવસની રીમાન્ડ બાદ જેલ હવાલે કયિ હતા.

આ કેસમાં આરોપી અરજણભાઈ વાજસુરભાઈ વાઘ તરફે વકીલ શ્રી વી.એચ. કનારાએ અમરેલીની વિશેષ અદાલતમાં જામીન અરજી કરી રજુઆત કરી હતી કે લેન્ડ ગ્રેબીંગ એકટનો અમલ તા.૨૯/૮/૨૦૨૦ થી લાગ પડે છે. આ કાયદાની જોગવાઈઓ મુજબ કાયદો શરૂ થયા બાદ જમીન દબાણનું કૃત્ય કરવામાં આવ્યું હોઈ તેવા કિસ્સામાં લાગુ પડે છે. આ કાયદા તળે ઓછામાં ઓછી ૧૦ વર્ષ અને વધમાં ૧૪ વર્ષ સુધી સજાની જોગવાઈ આમ સખત સજાની જોગવાઈ હોવાના કારણે આવી ફરીયાદ દાખલ કરવામાં આવે તે પહેલા જીલ્લાના કલેકટર સહીતના વરિષ્ઠ અધિકારીઓએ ફરીયાદની હકીકતોની ચકાસણી કરવી જોયે, આવી ચકાસણી દરમ્યાન કબજેદારને સાંભળવાની તક આપવી જોયે.

વધુમાં ગુજરાત હાઈકોર્ટના ન્યાયમૂર્તિ સોનીયાબેન ગોકાણી અને સંગીતા વિશેણની બે જજોની બેચના ચુકાદા પર આધાર રાખી રજુઆત કરી હતી કે આવી ફરીયાદ કરતા પહેલા કમીટીએ આરોપીને સાંભળવા જોઈએ. આ કિસ્સામાં આરોપીને સાંભળવામાં આવેલા નથી. આમ, લેન્ડ ગ્રેબીંગ એકટ તળેના નીયમ ૫ નો ભંગ થયો છે. આથી આરોપીને જામીન પર મુકત કરવા જોઈએ. આરોપી ૮૩ વર્ષના છે જે હકીકત પણ ધ્યાને લેવી જોઈએ. સરકાર તરફે આ અરજીનો વિરોધ કરવામાં આવ્યો હતો.

ઉભય પક્ષની રજૂઆતોમાં વિવિધ ચકાદાઓ અંગે લંબાણ પુર્વક રજૂઆત કરવામાં આવી હતી. ઉભય પક્ષની રજૂઆતો બાદ અમરેલી જીલ્લાની વિશેષ અદાલતના ન્યાયાધીશ આર.આર. દવેએ આરોપીને જામીન પર મુકત કરવા હુકમ કર્યો છે. આરોપી તરફે વકીલ વી.એચ.કનારા અને વિપુલ હાનાણી રોકાયા છે.

# આર્થિક સંકળામણના સમયગાળામાં પણ કેન્દ્રીય નાણામંત્રીએ સમતોલ બજેટ રજૂ કર્યુ : શેતલબેન શેઠ

ચક્રવાત ટીમ જામનગર, તા.૦૩

જામનગર મહિલા સહકારી બેંકના ચેરપર્સન શેતલબેન શેઠે કેન્દ્રીય અંદાજપત્ર અંગે પ્રતિભાવ આપતા જણાવ્યું છે કે, કોરોના મહામારીના કારણે આર્થિક સંકળામણ હોવા છતાં કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણે બોલ્ડ બજેટ રજૂ કરી તમામ ક્ષેત્રના વિકાસ માટે સમતોલ ફાળવણી કરી છે. અંદાજપત્રમાં કોપર સ્કેપની ડયુટી પાંચ ટકામાંથી ઘટાડી અઢી ટકા કરી ૫૦ ટકાનો ઘટાડો થવાથી તેનો સીધો ફાયદો જામનગરના અતિ મહત્ત્વના બ્રાસપાર્ટ ઉદ્યોગને થશે. દેશમાં કોઈ બેંક નબળી પડે કે રોકાણકારોની ચૂકવણી અટકે તેવા સંજોગોમાં થાપણદારોની રૂપિયા પાંચ લાખ સુધીની રકમને ઘી ડીપોઝિટ ઈન્સ્યુરન્સ એન્ડ ક્રેડીટ કોર્પોરેશન એક્ટ-૧૯૬૧ હેઠળ આવરી લઈને વિમા કવચ આપવામાં આવ્યું છે. જેના કારણે નાની બેંકો સહિત બેંકોમાં થાપણદારોનો વિશ્વાસ અકબંધ રહેશે. ભારતના લોકોની સ્વાસ્થ્ય સુરક્ષાને બજેટમાં સૌથી વધુ અગ્રતા આપવામાં આવી છે અને ગત વર્ષનમ બજેટ કરતાં આ વરસે સ્વાસ્થ્ય મંત્રાલય માટે ૧ ૩૭ ટકાનો વધારો કરી રૂમ. ૨,૨૩,૮૪૬ કરોડ જેવી માતબર રકમની ફાળવણી કરવામાં આવી છે તેમાંય રૂમ. ૩૫૦૦૦ કરોડ કોરોના વેક્સિનેશન માટે ફાળવાયા છે. મહિલા અને બાળ કલ્યાણ મંત્રાલય માટે પણ આ વરસે બજેટમાં ૧૬.૩૧ ટકાનો વધારો કરી રૂમ. ૨૪,૪૩૫ કરોડની ફાળવણી કરવામાં આવી છે, અને સૌથી નોંધપાત્ર બાબત એ છે કે, તેમાંથી રૂમ. ૨૦,૧૦૫ કરોડ જેવો મહત્તમ હિસ્સો સક્ષમ આંણવાડી તથા મિશન પોષણ યોજના માટે વાપરવામાં આવશે. આ ઉપરાંત દેશમાં આ વરસે વધુ એક કરોડ મહિલાઓને ઉજજવલા યોજના હેઠળ રાંધણ ગેસના સીલીન્ડર આપવામાં આવશે, શિક્ષણ ક્ષેત્રે દેશમાં ૧૦૦ નવી સૈનિક સ્કૂલ તથા આદિવાસી વિસ્તારોમાં ૭૫૮ એકલવ્ય શાળા ખોલવાની જાહેરાત આવકાર્ય છે. ૧૫ હજાર શાળાઓને આધુનિક બનાવી શિક્ષણીની ગુણવત્તાને ઉત્તમ બનાવાશે. દેશના ખેડૂતો માટે એમએસપી (ટેકાના ભાવ) પડતર કિંમતના દોઢ ગણા કરવામાં આવશે. ૭૫ વર્ષથી વધુ વયના વરિષ્ઠ નાગરિકોને પેન્શન તથા વ્યાજ પર કરમુક્તિની જાહેરાત કરવામાં આવી છે. તેવી જ રીતે નાના અને મધ્યમ વર્ગને રાહત થાય તે માટે એફોર્ડેબલ હાઉસીંગ લોનમાં કર કપાતની રૂપિયા દોઢ લાખ સુધીની મર્યાદાની મુદત તા. ૩૧-૩-૨૨ સુધી લંબાવવામાં આવી છે.

# સમાણામાં રસ્તાના કામનો વિડીયો ઉતારવાના મન દુ:ખમાં યુવાન સહિત ત્રણ પર હુમલો

### ધોકા અને ઢીકાપાટુનો માર માર્યો, મહિલાઓ સહિત આઠ સામે ફરિયાદ

ચક્રવાત ટીમ જામજોધપુર, તા.૦૩

જામજોધપુર તાલુકાના સમાણા ગામમાં વાળી પાસે તથા ફરિયાદીના ઘર નજીક ગ્રામ પંચાયત દ્વારા બ્લોક પાથરવાનું કામ ચાલતું હોય એનો વિડીયો ઉતારીને અરજી કરી હતી જેનો ખાર રાખીને આરોપીઓએ ગેરકાયદે મંડળી રચીને યુવાન સહિતનાઓને ધોકા તેમજ ઢીકાપાટુનો માર મારીને ધમકી દીધાની મામલો પોલીસ મથકે પહોંચ્યો છે. આ અંગે મહિલાઓ સહિત આઠ સામે ગુનો નોંધવામાં આવ્યો છે. જામજોધપુર તાલુકાના સમાણા ગામના દલિત વાસમાં રહેતા વિનોદભાઈ નાનજીભાઈ વાઘેલા ઉંમર વર્ષ ૩૫ ના ભાઈ કિશોરભાઈએ ગ્રામ પંચાયત નું કામ ચાલતું હોય તેવા રોડ ઉપર બ્લોક પાથરવાનું કામ ચાલતું હતું તેનો વિડીયો ઉતારેલો હોય અને અરજી કરેલ હોય જેનો ખાર રાખીને આરોપી નરેશ તથા જયેશ એ લાકડાના ધોકા વડે ફરિયાદી વિનોદ ભાઈને માર મારી હાથના ભાગે ફેક્ચર જેવી જ પહોંચાડી હતી તેમજ અન્ય આરોપીઓએ ફરિયાદી તથા સાહેદોને ઢીકાપાટુનો માર મારી ગેરકાયદે મંડળી રચી, અપશબ્દો બોલીને ફરી વાર દેખાશો તો જાનથી મારી નાખવાની ધમકી દીધી હતી. આ બનાવ અંગે વિનોદભાઈ દ્વારા શેઠ વડાળા પોલીસમાં નરેશ રૂડા વાઘેલા, જયેશ રૂડા વાઘેલા, મહેન્દ્ર મુરજી વાઘેલા, કમીબેન મહેન્દ્ર વાઘેલા, રાજી બેન સવજી વાઘેલા, જયાબેન જયંતિ વાઘેલા, જયશ્રીબેન નરેશ વાઘેલા, ભાનુબેન જયેશ વાઘેલા રહે બધા સમાણા ગામ. ની વિરુદ્ધ જુદી-જુદી કલમ મુજબ ફરિયાદ કરવામાં આવતા પોલીસ દ્વારા તપાસ ચલાવવામાં આવી રહી છે.

# દ્વારકાની ઘડી કંપનીમાં કોલસાનું ખોટું બીલ મુકીને છેતરપીંડી આચરવા મામલે ત્રણ શખ્સો સામે ફરિયાદ

ચક્રવાત ટીમ દ્વારકા, તા.૦૩

દ્વારકા તાલુકામાં આવેલી આર.એસ.પી.એલ. (ઘડી) કંપનીમાં કોલસો સપ્લાય કરતી પેઢી દ્વારા મોકલવામાં આવેલ કોલસો બારોબાર વેંચી અને ખાલી વાહનના બોગસ ડોક્યુમેન્ટ બનાવી અને કંપની સાથે રૂપિયા સવા બે લાખ જેટલી છેતરપિંડી કરવા સબબ ટ્રક માલિક, ચાલક તથા ડોક્યુમેન્ટ બનાવનાર શખ્સ સામે ધોરણસર ફરિયાદ નોંધાવવામાં આવી છે. આ સમગ્ર પ્રકરણની પોલીસ દફતરે જાહેર થયેલી વિગત મુજબ દ્વારકાથી આશરે પાંત્રીસ કિલોમીટર દૂર કુરંગા ગામે આવેલી આર.એસ.પી.એલ. કંપનીમાં થોડા દિવસ પૂર્વે કોલસો ભરીને આવી આવેલા ટ્રક અંગેની નોંધ કરવામાં આવી હતી. પરંતુ કંપની દ્વારા આ ટ્રકમાં કોલસો સપ્લાય થવાના બદલે ટ્રકના માલિક એવા જામનગર ખાતે રહેતા રબારી રવિ પાંચાભાઈ ખાંભલા દ્વારા તેમના ટ્રકચાલક રબારી ગરવા રાયમલ પરમાર મારફતે જામનગરની શ્રીજી શિપિંગ ટ્રાન્સપોર્ટ કંપની દ્વારા મોકલવામાં આવેલો રૂપિયા બે લાખ વીસ હજારની કિંમતનો ૩૫.૮૪૦ ટન કોલસો તેઓએ આર.એસ.પી. એલ. કંપનીમાં પહોંચાડવાના બદલે પૂર્વયોજીત કાવતરું રચી અને વેંચી નાખ્યો હતો. બાદમાં આ શખ્સો દ્વારા દ્વારકાના નારણભા ખેરાજભા કેરની મદદગારીથી વિવિધ પ્રકારના બોગસ ડોક્યુમેન્ટ બનાવવામાં આવ્યા હતા.

## અવસાન નોંધ

**જામ ખંભાળિયા :** જયાબેન જયંતિલાલ મોદી (ઉ.વ. ૭૬) તે સ્વ. મગનલાલ કારાભાઈ હિન્ડોચા (મગનભાઈ થારીવારા) ના પુત્રી તેમજ નીખીલભાઈના માતા તથા ઉત્સવ અને ધારાના દાદીમાં તા. ૩ના રોજ અવસાન પામ્યા છે. તેમનું ટેલિફોનીક બેસણું ગુરૂવાર તા. ૪ના રોજ સાંજે ચાર થી છ સુધી રાખવામાં આવ્યું છે. નીખીલભાઈ (મો. ૯૭૩૭૮૭૫૩૩૪), મુકુંદભાઈ હિન્ડોચા (મો. ૮૨૩૮૫૦૨૮૭૮), રાજેશભાઈ હિન્ડોચા (મો. ૭૦૪૮૫૧૩૯૫૬), રેખાબેન મોદી (મો. ૬૩૫૧૭૮૨૬૫૭).

# સિંહોનું જતન ન કરનાર અધિકારીઓ સામે કાર્યવાહી કરવા સિંહપ્રેમીની રજૂઆત

## સિંહનું સંરક્ષણ કરવાની તાકાત ગીરની ખમીરવંતી પ્રજામાં તો છે જ પરંતુ જો ગુજરાત વન વિભાગમાં એ તાકાત ન હોય તો સિંહોને મધ્યપ્રદેશ મોકલી દેવા જણાવાયું




ચક્રવાત ટીમ રાજકોટ, તા.૦૩

વાઈલ્ડલાઈફ એક્ટિવિસ્ટ ભગવાન સોલંકી લોઢવાએ દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને મુખ્યમંત્રી રૂપાણીને ફરિયાદ કરી જણાવવામાં આવેલ કે રાજ્યના વન વિભાગે ગુરુવારે રાજકોટ જિલ્લાના જેતપુર તાલુકાના ખારચીયા ગામના રેવન્યુ વિસ્તારોમાંથી આઠ સિંહોને પકડી જુનાગઢ સક્કરબાગ ઝૂ માં કેદ કરવામાં આવ્યા છે, આ સિંહોએ કોઈ માનવી ઉપર હુમલો કર્યો ન હતો કે સિંહો દ્વારા અન્ય કોઈ રંજાડ ન હતો આમ સિંહોને પકડવાનું ચોક્કસ કારણ ન હોવા છતાં સિંહોને પકડી ગીરનાર અભયારણ્યમાં કુદરતી પુનર્વસન કરવાને બદલે જુનાગઢ સક્કરબાગ ઝુ માં કેદ કરવામાં આવ્યા છે, તાજેતરની વર્ષ ૨૦૨૦ની સિંહ વસ્તી ગણતરી પ્રમાણે ગુજરાતમાં સિંહોની સંખ્યા ૬૭૪ થઈ ગઈ છે. પચાસ ટકાથી વધુ સિંહો જાહેર કરેલ સુરક્ષિત વિસ્તારોની બહાર બ્રહુદગીરમાં રહે છે. આ રેવન્યુ વિસ્તારોમાં જેતપુર જેવા સ્થાનો શામેલ છે, જ્યાં છેલ્લા કેટલાક વર્ષોમાં સિંહની વસ્તી ગીર અભયારણ્યમાંથી વધુને વધુ આગળ વધી છે. સેંકડો સિંહો અભયારણ્ય બહારનાં અનામત જંગલો તેમજ કોસ્ટલ જંગલો અને રેવન્યુ વિસ્તારમાં મનુષ્યની વચ્ચે શાંતિપૂર્ણ રીતે જીવી રહ્યા છે, અને ગીરની બહાર સિંહો અને સ્થાનિકો શાંતિપૂર્ણ રીતે એકબીજા સાથે સહઅસ્તિત્વ ધરાવે છે, આ બાબત વિવિધ અભ્યાસો અને સંશોધનોમાં સાબિત થયેલ છે. તેવા સમયે સિંહોને પકડવાના કિસ્સામાં જંગલમાં પુનર્વસન થવું જોઈએ તેમના બદલામાં સિંહોને જુનાગઢ સક્કરબાગ ઝૂ માં કેદ કરવા તે ખુબજ દુખની બાબત અને વન્યપ્રાણી સંરક્ષણ અધિનિયમ-૧૯૭૨ની જોગવાઈ મુજબ ગંભીર પ્રકારનો ગુનો છે. ગુજરાતના વાઈલ્ડ લાઈફનાં પ્રિસીસીએફએ સિંહ દીપડાને પકડવા માટેના જે ઓર્ડર છોડી રહ્યા છે, તે તદન ગેરકાયદેસર છે, આ પ્રકારના ઓર્ડર થયેલ હોય તો તેમને તાકીદે રદ કરવાની માંગણી કરવામાં આવેલ અને જો ભવિષ્યમાં આ રીતે નિર્દોષ સિંહ દીપડાઓને પકડવામાં આવશે તો હાઈકોર્ટનો આશરો લેવાની ચિમકી ઉચ્ચારી છે, ફરિયાદમાં જણાવ્યા પ્રમાણે વન પર્યાવરણ અને વન્ય પ્રાણીઓના લાંબા ગાળાના સંરક્ષણ માટે સિંહપ્રેમી દ્વારા ચલાવવામાં આવતી સંસ્થા દ્વારા અત્યાર સુધીમાં નામદાર એનજીટી કોર્ટ તેમજ ગુજરાત હાઈકોર્ટમાં ઘણા કેસ દાખલ કરેલા છે, જેમાં વન્યસંપાદાઓ અને વન્યજીવોના સંરક્ષણની લઈને ખુબ મહત્વના હુકમો પણ થયેલા છે, વાઈલ્ડ લાઈફ પ્રોટેકશન એક્ટ મુજબ જો સિંહ દીપડાએ માનવ મૃત્યુ નીપજાવેલુ હોય તેવી ઘટનામાં પકડવાની મંજૂરી આપી શકાય છે, પરંતુ વાઈલ્ડ લાઈફના પ્રિસીસીએફ સાહેબે જે દીપડાઓને પકડવા માટે ના ઓર્ડર છોડેલા છે, એ તદન કાયદાથી વિરુદ્ધ છે. ખેડૂતની વાડીમાંથી કોઈપણ કારણથી દિપડો પકડવા નો થાય તો કાયદા મુજબ એમને ફરીથી જંગલ વિસ્તારમાં છોડી મૂકવો જોઈએ. આવા દીપડાઓને જંગલમાં ના છોડીને પ્રાણી સંગ્રહાલયમાં ભેગા કરવા અને તેમને ઉંમરકેદ આપવી એ વાઈલ્ડ લાઈફ પ્રોટેકશન એક્ટ મુજબ શિકારની વ્યાખ્યામાં આવે છે, જે ગંભીર પ્રકારનો ગુનો છે, આ પ્રકારનો ગુનો કરનાર વનવિભાગના અધિકારીઓને સુસના આપવામાં આવે કે ઉપરી અધિકારીના લેખિત ઓર્ડર વિના સિંહ-દીપડા ઓ ખોટી રીતેના પકડવામાં ન આવે આ પ્રકારનું કાર્ય ભવિષ્યમાં વનવિભાગ દ્વારા કરવામાં આવશે તો સંસ્થાએ નામદાર હાઈકોર્ટમાં પીઆઈએલ દાખલ કરવામાં આવશે, સિંહપ્રેમી દ્વારા જણાવવામાં આવેલ કે સિંહ અને દિપડા સાચવવાની તાકાત ગીરની ખમીરવંતી પ્રજામાં તો છે જ પરંતુ જો ગુજરાત વન વિભાગમાં એ તાકાત ના હોય તો પછી ગુજરાતના સિંહોને મધ્યપ્રદેશમાં મોકલી દેવાની વાત કરી સિંહોને ગેરકાયદેસર કેદ રાખવા કરતા મધ્યપ્રદેશમાં સિંહો વધારે સુખી રહેશે તેવું જણાવવામાં આવ્યું.

# કચ્છમાં બનેલી ઘટના અંતર્ગત સુરેન્દ્રનગરમાં ગઢવી ચારણ સમાજ યુવા સંગઠન દ્વારા આવેદન



ચક્રવાત ટીમ વઢવાણ, તા.૦૩

મુદ્રા પોલિસ દ્વારા ગઢવી યુવકનું પોલિસ મારથી મોત થયુ હતું કસ્ટોડિયન ડેથથી સમગ્ર ગુજરાતમાં પડઘા પડ્યા. મોત નીપજાવનાર પોલીસ કર્મી ઓને સસ્પેન્ડ કરવામાં આવ્યાં હતાં. હાલ ત્રણ પોલીસ કર્મી ફરાર થઈ જતાં સમગ્ર ચારણ સમાજમાં રોષ વ્યાપી ગયો. આ કસ્ટોડિયન ડેથનાં પડઘા સુરેન્દ્ર નગરમા પડ્યા છે. જેથી ગઢવી ચારણ સમાજ યુવા સંગઠન સુરેન્દ્રનગર દ્વારા કલેકટરને આવેદન પત્ર આપ્યું. મુખ્ય મંત્રી અને ગૃહ વિભાગને ઉદ્દેશીને લખેલા આવેદનમાં આરોપીઓ પોલીસ કર્મીને તાત્કાલિક પકડવામાં નહી આવે તો સમગ્ર ગુજરાત રાજ્યમાં ઉગ્ર આંદોલનની ચીમકી આપવામાં આવી છે.

# ગિરસોમનાથ જિલ્લા કક્ષા રમકડાં મેળામાં ઘાંટવડ કુમાર શાળા પ્રથમ ક્રમે



ચક્રવાત ટીમ પારૂલ સોલંકી, તા.૦૩

ગીર સોમનાથ જિલ્લાની કોડીનાર તાલુકાની ઘાંટવડ કુમારશાળાના શિક્ષક નિતિનભાઈ દ્વારા સરકાર દ્વારા ટોયસ ફેરનું આયોજન જિલ્લા લેવલનું ૨૯/૦૧/૨૦૨૦ના રોજ **vartuital** આયોજન કરવામાં આવેલું જેમાં વિષય **online gams** અને **webapplication** દ્વારા પોતાની ક્રુતિ બાળકોને અભ્યાસમાં ઉપયોગી બને અને રાજ્યના બાળકો આ રમકડાં દ્વારા અભ્યાસ કરી શકે તે હેતુથી પોતાની આગવી સુજબૂજ થી પ્રદર્શન કરેલ હતું જેમાં તેઓને જિલ્લા કક્ષાના આ રમકડાં મેળામાં પોતાના વિભાગમાં પ્રથમ ક્રમ મેળવતા શાળા પરિવાર તેમજ એસ.એમ.સી કમીટી દ્વારા અભિનંદન પાઠવવામા આવેલ હતાં. બાળકોને અધ્યયન–અધ્યાપન પ્રક્રિયા અને શિક્ષણશાસ્ત્રો સામેલ કરીને સક્રિય અને આનંદદાયક શિક્ષણપ્રદાન કરવાના હેતુથી આ ડિજિટલ ગેમ્સ અને ડિજિટલ રમકડાંનો ઉપયોગ કરી બાળકો પ્રત્યેક્ષ જ્ઞાનનો અનુભવ કરી શકે ટેમેજ આપેલ જ્ઞાનનો ઉપગોગ શિક્ષણમાં કરે તે માટે આ પ્રયત્ન કરેલ છે. આ મોબાઈલ રમકડાં તદન ફ્રી સ્વરૂપમાં ઉપયોગ કરી શકશે.મોબાઈલ એજ્યુકેશન એપનો ઉપયોગ બાળકો એક બે વાર જોયા બાદ જાતે સરળતાથી કરી શકે છે.આ હેતુ થી મૂળ તો બાળકો હાલના આ ઓનલાઈન સમયમાં મોબાઈલ નો ઉપયોગ સારી રીતે કરતાં થયા છે.

# તાલુકા હેલ્થ ઓફીસ બરવાળા ખાતે કોરોના વેક્સીનેશનનો શુભારંભ કરાયો



ચક્રવાત ટીમ બરવાળા, તા.૦૩

બરવાળામાં વેકસીનેશન દરમિયાન નગરપાલિકા ચીફ ઓફિસર પ્રાથનાબેન રાઠોડે વેક્સીન લીધી હતી અને પ્રજાજનોને અપીલ કરી હતી કે કોઈ અફવા ઉપર ધ્યાન આપવુ નહિ તેમજ સૌએ પોતાનો વારો આવે ત્યારે વેક્સીન અવશ્ય મુકાવવી. હાલ દેશ અને દુનિયામાં અણધારી આવી પડેલી કોરોના મહામારી એ માનવીનું સામાજિક અને આર્થિક જીવન અસ્તવ્યસ્ત કરી દીધું છે.સમગ્ર દુનિયાને આ મહામારી એ પોતાની લપેટ માં લીધું છે. **WHO** એ કોરોના રોગને વૈશ્વિક મહામારી જાહેર કર્યો છે. આ મહામારીના સમયમા સરકારનો આરોગ્ય વિભાગ ખડે પગે ઉભો રહ્યો છે ત્યારે તાલુકા હેલ્થ ઓફીસ બરવાળા ખાતે કોરોના વેક્શીનનો શુભારંભનો કાર્યક્રમ રાખવામાં આવેલ જેમા મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી જે.એસ.કનોરીયાનાં માર્ગદર્શન પ્રમાણે તાલુકા હેલ્થ ઓફીસર ડો.એમ.કે.સાત્યકી તથા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર નાવડાનાં મેડીકલ ઓફીસર ડો.વી.આર. ચાસીયા તથા તાલુકા ફાયનાન્સ ઓફીસર વિમલ જે. વસાણી તથા તમામ આરોગ્ય સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતાં.તાલુકા હેલ્થ ઓફીસ બરવાળા ખાતે કુલ ૨૭૭ ફ્રન્ટલાઈન હેલ્થ કેર વર્કરને કોરોના વેક્શીન આજ રોજ આપવાની કામગીરી હાથ ધરવામાં આવી. ફ્રન્ટલાઈન હેલ્થ કેર વર્કર જેમા પોલીસ સ્ટાફ, હોમગાર્ડ સ્ટાફ, જીઆરડી સ્ટાફ, નગરપાલિકા સ્ટાફ તેમજ રેવન્યુ સ્ટાફને તા.૩૧/૧/૨૦૨૧ થી ૨/૨/૨૦૨૧ સુધી કોરોના વેક્શીન આપવાનું આયોજન હાથ ધરવામાં આવ્યુ હતુ.

# છેલ્લા ૧૯ વર્ષથી નાસતા ફરતા આરોપીને મુંબઈથી પકડી પાડતી કોડીનાર પોલીસ ટીમ



ચક્રવાત ટીમ પારૂલ સોલંકી, તા.૦૩

કોડીનાર પો.સ્ટે.ના લુંટ તથા આર્મ્સ એકટના ગુન્હાના કામે નાસતો ફરતો આરોપી સંદિપ ઉર્ફે મનીષ ઉર્ફે ગણેશ હરખચંદ દેઢીયા હાલ મુંબઈના બોરીવલી ખાતે પોતાના ઘરે હાજર હોય તથા નાસતા ફરતા આરોપીઓને પકડવા ડ્રાઈવ ચાલુ હોય જેથી વોચમાં રહી આરોપીને મુંબઈના બોરીવલી શાંતિદ્વાર બિલ્ડીંગ શ્રી કૃષ્ણનગર ઈસ્ટ મુંબઈ ખાતેથી પકડી કોડીનાર પો.સ્ટે . લાવી પ્રાથમિક પુછપરછ કરી આજરોજ ધોરણસર અટક કરવામાં આવેલ છે આરોપીએ આચરેલ ગુન્હાની ટુંક વિગત - કોડીનાર પો. સ્ટે.ગુ.ર.નં.ફ .૬૦ / ૨૦૦૨ આઈ.પી.સી. કલમ ૩૯૪ , ૩૯૭ , ૩૪ તથા આર્મ્સ એક્ટ કલમ ૨૫ ( ૧ ) (બીએ) / ( એ -૨૯ ) તથા જી.પી. એક્ટ કલમ ૧૩૫ વિ . મુજબ તે એવી રીતે કે ફરીયાદી હિતેષભાઈ ગોકળદાસ સાગર સોની રહે. કોડીનાર તથા સાહેદ મોટર સાયકલ પર ઘરે જતા હતા ત્યારે આરોપીઓએ ફરીયાદી તથા સાહેદને મોસા . ઉપરથી પછાડી દઈ ગાળો આપી તમંચો બતાવી સાહેદ સુનીલભાઈ પાસે રહેલ સોનાના દાગીનાનું આશરે સાડા ત્રણ કિલો વજનનો ભરેલ થેલો મુદામાલની કિં.રૂ .૧૦,૫૦,૦૦૦ / - લુંટી લઈ ફરીયાદી તથા સાહેદને માર મારી તમંચાના કુંદા વડે ઈજા કરી ઈમ્બેસેડર કારમાં બે આરોપીઓ નાશી ગયેલ તેમજ એક આરોપી પકડાઈ ગયા બાબતનો ગુન્હો દાખલ થયેલ હતો આ કામે નાસતો ફરતો આરોપી સંદિપ ઉર્ફે મનીષ ઉર્ફે ગણેશ હરખચંદ દેઢીયા – જૈન વાણીયા રહે. મુળ તલવાણા તા.માંડવી જી.કચ્છ હાલ રહે . મુંબઈ બોરીવલી શાંતિદ્વાર બિલ્ડીંગ શ્રી કૃષ્ણનગર ઈસ્ટ મુંબઈ વાળાને આજરોજ પકડી છેલ્લા ઓગણીસ વર્ષથી લુંટ તથા આર્મ્સ એકટના ગુન્હાના કામે નાસતા ફરતા આરોપીને અટક કરવામાં આવેલ છે.

# પોરબંદર જિલ્લાના સીમરની વિદ્યાર્થીનીના પ્રોજેકટની નેશનલ લેવલે પસંદગી કરાઈ



ચક્રવાત ટીમ પોરબંદર, તા.૦૩

પોરબંદર નજીકના સીમર ગામની વિદ્યાર્થીનીનો એક પ્રોજેકટ રાષ્ટ્રીય સ્તરે પસંદગી પામ્યો છે તેણે પીવા લાયક પાણીમાં ફલોરાઇડ અને નાઇટ્રેટના પ્રમાણનો કર્યો અભ્યાસ કર્યો છે. ભારત દેશના પ્રત્યેક વિદ્યાર્થીઓમાં સંશોધન પ્રત્યે રૂચિ કેળવાય તે હેતુથી છેલ્લા ૨૭ વર્ષથી ભારતના વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગ અને નેશનલ કાઉન્સિલ ફોર સાયન્સ એન્ડ ટેકનોલોજી કોમ્યુનિકેશન દ્વારા રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન પરિષદનું ૧૦ થી ૧૭ વર્ષની વયના વિદ્યાર્થીઓ માટે આયોજન કરવામાં આવે છે. આ આયોજનના ભાગપે નેશનલ ચિલ્ડ્રન સાયન્સ કોંગ્રેસ જિલ્લા કક્ષાની સ્પર્ધા સહજાનંદ સ્વામી લોકવિજ્ઞાન કેન્દ્ર દ્વારા યોજાઇ હતી જેમાં શારદા વિદ્યામંદિર ઉચ્ચતર માધ્યમિક શાળા સિમરના બે પ્રોજેકટ રાજયકક્ષાએ પસંદગી પામ્યા હતા. ત્યારબાદ ૨૮ થી ૩૦ જાન્યુઆરી દરમિયાન રાજયકક્ષાની રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન પરિષદનું આયોજન વર્ચ્યુઅલ વર્લ્ડમાં કરવામાં આવેલ જેમાં સમગ્ર રાજયમાંથી ૧૬૦ જેટલા બાળ વૈજ્ઞાનિકોએ પોતાનું પ્રેઝન્ટેશન રજુ કરેલ. જેમાં શ્રી શારદા વિદ્યામંદિર હાઇસ્કુલની વિદ્યાર્થીની ધ્રાંગું મહેશ્વરી રણમલભાઇ અને શિવાની રમણભાઇએ સીમર ગામના પીવાલાયક પાણીમાં ફલોરાઇડ અને નાઇટ્રેટના પ્રમાણનો અભ્યાસ પર સંશોધનાત્મક પ્રોજેકટ રજુ કર્યો હતો. વર્ષ ૨૦૨૦ અને ૨૧ માટે નિરંતર ટકાઉ જીવન નિવર્હિ માટે વિજ્ઞાન મુખ્ય વિષય અંતર્ગત પાંચ પેટા વિષયો આધારીત સંશોધનકાર્ય રજુ કરવામાં આવ્યા હતા.

# પોરબંદરમાં કોસ્ટગાર્ડના ૪૫મા રાઈઝીંગ ડેની ગૌરવભેર ઉજવણી



ચક્રવાત ટીમ પોરબંદર, તા.૦૩

વિશ્વવમાં ચોથા ક્રમે સૌથી મોટા તટરક્ષક દળ તરીકે ભારતીય તટરક્ષક દળને સ્થાન પ્રાપ્ત છે ત્યારે તેના ૪૫માં રાઈઝીંગ ડેની ઉજવણી કરવામાં આવી હતી ત્યારે એવું જણાવાયું હતું કે, અત્યાર સુધીમાં સમુદ્રમાં ૧૦,૦૦૦ થી વધુ લોકોના જીવ બચાવવાની સાથોસાથ ૧૪૦૦૦ થી વધુ ઘુષણખોરોને પકડી પાડવાનો શ્રેય મેળવ્યો છે. ભારત તટરક્ષક દળ દ્વારા ૧ ફેબ્રુઆરી ૨૦૨૧ના રોજ ૪૫માં રાઈઝીંગ ડે ની ઉજવણી કરવામાં આવી હતી. ૧૯૭૮ માં માત્ર ૭ સરફેસ પ્લેટફોર્મ સાથે શિષ્ટપૂર્ણ શઆત કરનારા આઈસીજીએ અત્યાર સુધીમાં પોતાની ઈન્વેન્ટરીમાં ૧૫૬ જહાજ અને ૬૨ વિમાન સાથે એક પ્રચંડ દળ તરીકે વિકાસ કર્યો છે અને ૨૦૨૫ સુધીમાં તે ૨૦૦ સરફેસ પ્લેટફોર્મ અને ૮૦ એરક્રાફ્ટ ધરાવતું દળ બનવાનું લક્ષ્ય ધરાવે છે. દુનિયામાં ચોથા ક્રમના સૌથી મોટા તટરક્ષક દળ તરીકે ભારતીય તટરક્ષક દળે ભારતના દરિયાકાંઠાઓની સુરક્ષામાં અને ભારતના સમુદ્રી ક્ષેત્રમાં નિયમોનો અમલ કરવાના ખુબ જ નોંધનીય ભૂમિકા નિભાવી છે. 'વયમ રક્ષામ,' એટલે કે 'અમે સુરક્ષા આપીએ છીએ'ના મુદ્રાલેખ સાથે, આ સેવાદળે ૧૯૭૭ માં તેના પ્રારંભ થી આજદિન સુધીમાં ૧૦,૦૦૦ થી વધુ લોકોના જીવ બચાવવાનો અને ૧૪,૦૦૦ થી વધારે ઘુસણખોરોને ઝડપી લેવાનો શ્રેય પ્રાપ્ત કર્યો છે. ભારતીય તટરક્ષક દળ દ્વારા સરેરાશ સમુદ્રમાં દર બીજા દિવસે એક વ્યકિતનો કિંમતી જીવ બચાવવામાં આવે છે. કોવિડ-૧૯ મહામારીના કારણે લાદવામાં આવેલા પ્રતિબંધો વચ્ચે પણ, ભારતીય તટરક્ષક દળે વિશેષ આર્થિક ઝોનમાં પોતાના ૫૦ જહાજ અને ૧૨ વિમાનોની મદદથી દરરોજ ૨૪ કલાક ૭ દિવસ ધોરણે ચુસ્ત દેખરેખની કામગીરી જાળવી રાખી હતી.

# માધવપુરમાં પત્નીને માર મારી ત્રાસ આપવાના કેસમાં પતિને છ મહીનાની સજા

ચક્રવાત ટીમ પોરબંદર, તા.૦૩

આ બનાવની ટુંકી હકીકત એવી છે કે, પોરબંદર જીલ્લાના માધપવુર ગામે રહેતા પરણીત સ્ત્રીને તેઓના પતિ હુસેન ઓસમાણ, સસરા ઓસમાણભાઈ, સાસુ હલીમાબેન, તથા અમીનાબેન તમામએ સંયુકત કુટુંબથી જુદા થવાની ના પાડતા તમામે એકસંપ કરીને તેમના પતિએ ઢીકાપાટુનો માર મારેલ અને બાવડના લાકડાથી કપાળમાં ઈજા કરી જાનથી મારી નાખવાની ધમકી આપેલ. જે બાબતી ફરીયાદ આપતા આરોપીઓ વિરૂધ્ધ સદર ગુન્હાનો કેસ ચાલી જતાં આરોપીઓએ સદરહુ કરવામાં આવેલ સજા સામે પોરબંદરની ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટમાં અપીલ કરેલ. જે અપીલની સુનવણીમાં આરોપીઓએ પોતે નિર્દોશ હોવાનું જણાવેલ આરોપીઓનીઅપીલ અરજી સામે સરકાર તરફે એડીશ્નલ પબ્લીક પ્રોશીકયુટર સરકારી વકીલ અનિલ લીલા હાજર રહી વિરોધ કરી જણાવેલ કે તમામ આરોપીઓએ એકસંપ કરી પરણિત સ્ત્રીને માર મારી મારી નાખવાની ધમકી આપી કપાળના ભાગે ઈજા કરેલ છે અને નીચેની કોર્ટ દ્વારા જે સજા કરવામાં આવેલ છે તે રજુ થયેલ પુરાવાનું યોગ્ય મુલ્યાંકન કરીને બકરેલ હોય અપીલ રદ કરવી જોઈએ. બન્ને પક્ષોની દલીલો સાંભળી સરકારી વકીલરની દલીલ તથા રેકર્ડ પરના પુરાવાના આધારે ફરીયાદીના પતિને છ મહીનાની કેદની સજા તથા ૫૦૦૦ નો દંડ તથા અન્ય આરોપીને એક એક હજારનો દંડ તથા ફરીયાદીને થયેલ નુકશાન પેટે ા. ૧૦,૦૦૦ આરોપીઓએ ચુકવવાનો હુકમ પોરબંદરના ડીસ્ટ્રીકટ એન્ડ સેસન્સ જજની કોર્ટ દ્વારા કરવામાં આવેલ છે.

# ગીર સોમનાથ શૈક્ષિક મહાસંઘ ઉના ગુપ્ત પ્રયાગ ખાતે બેઠક



ચક્રવાત ટીમ પારૂલ સોલંકી, તા.૦૩

ગીર સોમનાથ જિલ્લાના ઉના તાલુકા ખાતે શૈક્ષિક મહાસંઘ ઉનાના યજમાન પદે ગુપ્ત પ્રયાગ દેલવાડા ખાતે જિલ્લા પ્રાથમિક શૈક્ષિક મહાસંઘના અધ્યક્ષ દિનેશભાઈ પરમાર મહામંત્રી દેવાયત ભોળાભાઈ તથા સંગઠન મંત્રી કિશોરભાઈ સોલંકી તથા આર એસ એસ ના કાર્યવાહક મિત્રો રોહિતભાઈ હરીયાણી તથા કેયુરભાઈ તથા ઉના તાલુકા પ્રાથમિક શૈક્ષિક મહાસંઘના કારોબારી હોદેદાર મિત્રોના ઉપક્રમે ગુપ્ત પ્રયાગ ખાતે યોજાયેલી બેઠકમાં જિલ્લા બદલી કેમ્પ એચ ટાટના પ્રશ્નો તથા રામ મંદિર નિર્માણ અર્થે સુયોગ્ય આયોજન બાબતે વિગતવાર ચર્ચા કરવામાં આવી અને ભવિષ્યમાં સંઘના પ્રચાર-પ્રસાર તથા શિક્ષકોના પડતર પ્રશ્નો બાબતે યોગ્ય આયોજન કરવામાં આવ્યું. ઉલ્લેખનીય છે કે શૈક્ષિક મહાસંઘ એ ગીર સોમનાથ જિલ્લામાં શિક્ષકો માટે સક્રિય રીતે કામગીરી કરે છે.

# પોરબંદરમાં અર્ધબેભાન અવસ્થામાં લવાયેલા સાડા પાંચ વર્ષના બાળકને અપાયું નવજીવન



ચક્રવાત ટીમ પોરબંદર, તા.૦૩

પોરબંદરમાં માત્ર સાડા પાંચ વર્ષના બાળકને અર્ધબેભાન અવસ્થામાં તેના માતા-પિતા રાહતદરે સારવાર આપતી આશા ચિલ્ડ્રન હોસ્પિટલ ખાતે લાવ્યા હતા, જ્યાં તેને જુવેનાઈલ ડાયાબીટીસ ટાઈપ-૧ જેવી ગંભીર બિમારીઓની સારવાર અપાતા નવજીવન મળ્યું હતું. આશા ચિલ્ડ્રન હોસ્પિટલના મેનેજર આશિષભાઈ થાનકીએ જણાવ્યું હતું કે હોસ્પિટલ ખાતે અર્ધબેભાન અવસ્થામાં લવાયેલા આ બાળકને ત્રણ દિવસથી ઉલ્ટીઓ થતી હતી, પેટમાં પાણી પણ રહેતું ન હતું, સાથે ૪ થી ૫ દિવસથી અસહ્ય પેટનો દુઃખાવો અને એક રાતથી શ્વાચ્છોશ્વવાસની પ્રક્રિયા અતિ ઝડપી બની ગયેલી. આ બાળકની આશા હોસ્પિટલની બાળ રોગ નિષ્ણાંત ટીમ ડો. અનિલ જે. ઘાણી તથા ડો. વિધી જે. કડછા દ્વારા આઈ.સી.યુ. માં રાખી સારવાર કરવામાં આવેલ, આ બાળકને જુવેનાઈલ, ડાયાબીટીસ, ટાઈપ-૧ જેવી ગંભીર બિમારી માલુમ પડી હતી. સેન્ટ્રલ લાઈન ઓક્સિજન સપ્લાય વડે અવિરત ઓક્સીજન આપી બ્લડ-સુગર અને યુરીન યુગર અતિ ઉંચા લેવલે જોતા ઈન્ફ્યુંજન પમ્પ દ્વારા ઈન્સ્યુલીન મોનીટર શરીરમાં ઓક્સિજનનું લેવલ પર નજર રાખવા પ્લસ ઓક્સીમીટર જેવી ઘનિષ્ઠ સારવાર આજે છ દિવસ પછી આ બાળ-મધુપ્રમેહના દર્દી સ્થિર અવસ્થામાં આવ્યો અને તેને હોસ્પિટલથી રજા આપવામાં આવી. આ બાળકના માતા-પિતાના આશિવર્દિ આપતા હતા કે પોરબંદરમાં છેલ્લા ૩૧ વર્ષથી અવિરત પણે સેવા આપતી સંસ્થા જો નજીવા દરે ના આપતી હોત તો અમારા જેવા ગરીબ માણસોની શું હાલત થાત ? અને નર્સિંગ સ્ટાફ તથા આ સંસ્થાના ટ્રસ્ટીગણનો આભાર માન્યો હતો.

# પોરબંદરમા સરકારી પોલીટેકનિક કોલેજના વ્યાખ્યાતાઓએ ડિવાઈસ પેટન્ટ ફાઈલ તૈયાર કરી

## હિટ પાઇપને ચલાવવા માટે કોઇ પાવરની જરૂર રહેતી નથી



ચક્રવાત ટીમ પોરબંદર, તા.૦૩

સરકારી પોલીટેકનીક પોરબંદરના મિકેનીકલ વિભાગના વ્યાખ્યાતા રાકેશ બુમતારિયાએ ઈલેક્ટ્રોનીક્સ વસ્તુઓના કુલીંગ માટે એક થર્મલ ડિવાઈસ બનાવી છે. આ હિટ પાઈપ ડિવાઈસનો ઉપયોગ ભવિષ્યમાં ઈલેક્ટ્રોનિક્સ વસ્તુઓના કુલીંગ માટે વપરાતા ફેનને બદલે થઈ શકશે. આ હિટ પાઈપ ફેન કરતા ઓછી જગ્યા રોકે છે અને તેને ચલાવવા માટે કોઈ પાવરની જરૂર રહેતી નથી. આ સંશોધન માટે રાકેશ બુમતારિયા તેમજ રીસર્ચ માર્ગદર્શક ડો.નીરજ ચાવડા, સરકારી પોલીટેકનીકના ટ્રાન્સપોર્ટેશન વિભાગના વ્યાખ્યાતા મોનીકાબા વાળા દ્વારા ઈન્ડિયન પેટન્ટ ફાઈલ કરવામાં આવી હતી. જે તા.૨૨-૦૧-૨૦૨૧ના રોજ ભારતના ગેજેટમાં પ્રકાશિત થયેલ. આ ડીવાઈસના પેટન્ટ ફીલિંગ માટે તેઓને ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સીટી અમદાવાદ દ્વારા **SSIP** પોલીસી અંતર્ગત રૂ.૨૫ હજારની ગ્રાન્ટ મળી છે.

સરકારી પોલીટેકનીક પોરબંદર કોલેજના આચાર્ય એમ.બી. કાલરીયાએ વ્યાખ્યાતાઓને હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા.

# ભાડાની લાલચ આપી લક્ઝરી કારની છેતરપીંડી

### એક કાર માલિકે જીપીએસ સિસ્ટમ વડે ગાડી શોધી કબજો મેળવ્યો

ચક્રવાત ટીમ, મુંબઈ ૩ ફેબ્રુઆરી

ઘરે બેસીને હજારો રૂપિયા કારના ભાડા પેટે અપાવવાની લાલચ બતાવી લક્ઝરી કારના ફક્ત ૨૫ ટકા ભરાવી કંપની દ્વારા સેકડો ગ્રાહકો સાતે છેતરપીડી કરવામા આવી હતી. સ્કાય વર્લ્ડના માલિકો અને કર્મચારીઓને વાહન પેટે પૈસાની ચુકવણી કર્યા પછી બે મહિનામાં વાહનનો કબજો આપવાની ખાતરી આપી હતી. પોલીસે છેતરપીંડીનો કેસ નોંધીને કંપનીના મેનેજર કંચન પ્રસાદની ધરપકડ કરવામાં આવી છે. સ્કાય વર્લ્ડ મલ્ટિ સર્વિસીસ અને સ્કાય લેન્ડ મલ્ટિ સર્વિસીસ, બે કંપનીઓ એક જ વ્યક્તિ દ્વારા ચલાવવામાં આવી હતી, જેમાં ઓછા રોકાણ સાથે ઘરે બેસી વધુ પૈસા કમાવવાની લાલચ ગ્રાહકોને બતાવી વિશ્વાસમા લેવામા આવ્યા હતા/ ફક્ત લકઘરી કાર પેટે. '૨૫ ટકા ભરી કારની માલિકી, બાકી લોનની હપ્તા, કારની જાળવણીનો ખર્ચ, ડ્રાઈવરનો પગાર કંપની ચૂકવશે. તે સિવાય કંપની દર મહિને કારના માલિકને આશરે ૮૦,૦૦૦ થી ૧ લાખ રૂપિયાની આવક આપશે. આ જાહેરાત જોઈ, ઘણા લોકોએ આ કંપનીમાં રોકાણ કર્યું. મુલુંડ અને પનવેલ એમ બે સ્થળોએ કાર્યરત શાખાએ માત્ર મુંબઈ જ નહીં પરંતુ પૂણેથી પણ લોકોને આકર્ષિત કર્યા હતા. કંપનીએ બે મહિનામાં વાહનનો કબજો આપવાનું વચન આપ્યું હતું. પરંતુ તે બન્યું નહીં અને એક દિવસ સ્ટાફ કંપનીની. ઓફિસને તાળા મારીને ફરાર થઈ ગયો હતો. કંપનીની મુલુંડ ઓફિસ દ્વારા આશરે ૫૦૦ લોકોની છેતરપિંડી કરવામાં આવી છે. તેમાંથી કેટલાક લોકો ભેગા થઈને મુલુંડ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. સુંધાંશુ મિશ્રા કંપનીના માલિક છે અને મેનેજર કંચન પ્રસાદ તમામ વ્યવહારોની દેખરેખ રાખી રહ્યા હતા. આ અંગે મુલુંડ પોલીસે ગુનો નોંધ્યો છે. મેનેજર કંચન પ્રસાદની ધરપકડ કરવામાં આવી છે અને કંપનીના માલિક અને અન્ય આરોપીની શોધ ચાલુ છે. આ કંપની સામે બાંદ્રા, મુલુંડ અને નવી મુંબઈમાં ગુના નોંધાયા છે, 'એમ એક પોલીસ અધિકારીએ જણાવ્યું હતું. ધારાવીના નાના શિંદેએ કાર પર લોન લઈ નોંધણી કરાવી હતી. 'અમે એક વર્ષ પહેલા આ કંપની પાસે કારની નોંધણી કરાવી હતી. તેના માટે બે લાખ ૭૭ હજાર રૂપિયા પણ ચુકવવામાં આવ્યા હતા. ફેબ્રુઆરીમાં વાહનનો કબજો મળવાનો હોવાનું જણાવાયું હતું. પરંતુ માર્ચ સુધી કાર મળી ન હતી. પાછળથી, કોરોનાએ તેમને બહાનુ બતાવવા એક મોટો મોકો આપ્યો હતો. કેટલાક લોકોએ છેતરપિંડીની શંકાના આધારે રિફંડની માંગ શરૂ કરી હતી. અમે ચેક દ્વારા ચૂકવેલા નાણાં પરત કરવા કંપનીને જણાવ્યુ હતુ.. ઓક્ટોબર ૨૦૨૦ના રોજ ચેક પણ ઈસ્યુ કર્યો હતો. પરંતુ તે બેંકમાંથી પાછો ફર્યો. જ્યારે તે તેની પૂછપરછ કરવા માટે મુલુંડની કંપનીની ઓફિસ પહોંચ્યા ત્યારે ત્યાંના તાળાઓ જોઈને તે ચોંકી ગયો હોવાની માહિતી, 'શિંદેએ આપી છે. ફરીયાદ કરનારાઓમાંની એક મારુતિ કાગણેએ યોજનામાંથી કાર ખરીદી નહોતી પરંતુ પોતાની કાર કંપનીને આપી હતી. બદલામાં કોઈ આવક મળી ન હતી. ઉપરાંત કંગનાની કાર પરત લેવાની પણ વાત કરવામાં આવી હતી. જોકે, વાહનમા જીપીએસ સિસ્ટમ હોવાથી કંગનાએ જાતે વાહન શોધીને તેનો કબજો મેળવ્યો હતો.

# સી.એ.ની પરીક્ષામાં મુંબઈની કોમલ જૈન દેશમાં પ્રથમ

### સુરતનાં મુદિત અગ્રવાલે બીજા ક્રમે અને મુંબઈની રાજવી નાથવાણી ત્રીજા ક્રમે



ચક્વાત ટીમ, મુંબઈ ૩

ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ (સીએ) ની પરીક્ષાનું અંતિમ પરિણામ મંગળવારે જાહેર કરાયું હતું અને નવા અભ્યાસક્રમ મુજબ લેવાયેલી પરીક્ષામાં મુંબઈકરની છોકરીઓ વિજેતા બની છે. મુંબઈની કોમલ જૈન દેશમાં પ્રથમ, જ્યારે રાજવી નાથવાણી ત્રીજા ક્રમે આવી છે.. સુરતનાં મુદિત અગ્રવાલે બીજા ક્રમે આવેલ છે. આ પરીક્ષા દ્વારા નવા અભ્યાસક્રમના પાંચ હજાર ૩૯૨ અને જૂના અભ્યાસક્રમના પાંચ હજાર ૬૭૫ વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર અપાયા છે. ઈન્સ્ટિટ્યૂટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઓફ ઈન્ડિયા દ્વારા નવેમ્બર ૨૦૨૦ માં લેવામાં આવેલા સીએ ફાઈનલ પરીક્ષાનું પરિણામ બુધવારે જાહેર કરાયું હતું. નવા અભ્યાસક્રમની અંતિમ પરીક્ષામાં ઘાટકોપર રહેતી અને માટુંગાની પોદાર કોલેજમાથી બીકોમ સાથે ગ્રેજ્યુએટ થયેલ પ્રથમ આવેલ કોમલ જૈને ૮૦૦ માંથી ૬૦૦ ગુણ મેળવ્યા છે. બીજા નંબરે આવેલ અગ્રવાલને ૫૮૯ પોઈન્ટ મળ્યા, જ્યારે ત્રીજા ક્રમાંકિત રાજવી નાથવાણીએ ૫૮૭ પોઈન્ટ મેળવ્યા. સાલેમનો ઈસાકીરાજ એ (૫૫૩ માર્ક) જૂની અભ્યાસક્રમની પરીક્ષામાં મેળવી પ્રથમ આવ્યો હતો. ચેન્નઈથી શ્રીપ્રિયા આર. (૫૦૧ માર્ક) બીજા ક્રમે છે, જ્યારે જયપુર્નો મયંક સિંઘ (૪૮૯ માર્ક) ત્રીજા સ્થાને છે.

★ નવા અભ્યાસક્રમની અંતિમ પરીક્ષા માટે પ્રથમ વિષય જૂથ (ગ્રુપ ૧) ની પરીક્ષા માટે ૩૨ હજાર ૫૪૨ વિદ્યાર્થીઓ બેઠા હતા, જેમાંથી ચાર હજાર ૧૭૯ વિદ્યાર્થીઓ (૧૨.૮૪ ટકા) પાસ થયા છે.

★ ૨૭ હજાર ૯૦૭ વિદ્યાર્થીઓ બીજા વિષય જૂથ (જૂથ ૨) ની પરીક્ષા માટે બેઠા છે જેમાંથી આઠ હજાર ૬૪૩ વિદ્યાર્થીઓ (૩૦.૯૭ ટકા) પાસ થયા છે. બંને વિષય જૂથોમાં ૧૯ હજાર ૨૮૪ વિદ્યાર્થીઓએ ભાગ લીધો છે અને તેમાંથી બે હજાર ૭૯૦ (૧૪.૪૭ ટકા) વિદ્યાર્થીઓ પાસ થયા છે.

★ જૂના અભ્યાસક્રમની પ્રથમ વિષય જૂથ (જૂથ ૧) ની પરીક્ષા માટે ૧૨ હજાર ૨૬ વિદ્યાર્થીઓ બેઠા હતા. જેમાંથી બે હજાર ૧૪૫ વિદ્યાર્થીઓ (૧૭.૮૪ટકા) પાસ થયા છે. બીજા વિષયના જૂથ (જૂથ ૨) ની પરીક્ષા ૧૭ હજાર ૧૩૨ વિદ્યાર્થીઓએ આપી હતી. જેમાંથી ૫ હજાર ૪૪૨ વિદ્યાર્થીઓ (૩૧.૭૭ ટકા) પાસ થયા છે. બંને વિષય જૂથોમાં ચાર હજાર ૧૪૩ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા અને ૨૪૨ (૫.૮૪ ટકા) વિદ્યાર્થીઓ પાસ થયા હતા.

# સસ્તુ સોનુ લેવાની લાલચમાં જવેલર્સે ૧૫ લાખ ખોયા

### સોનાને બદલે બેગમા હાથચાલાકી કરી કાગળના બંડલ પધરાવી ઠગ ફરાર

ચક્રવાત ટીમ, મુંબઈ ૩ ફેબ્રુઆરી

વિરારમા જવેલર્સને ૧૫ લાખ રૂપિયામા અડધો કિલો સોનુ આપવાની લાલચ બતાવી હાથચાલાકી વડે બેગમા કાગળના બંડલો પધરાવી ફરાર થયેલા ત્રણ ઠગ વિરુધ્ધ અર્નાલા પોલિસે ગુનો નોંધી તપાસ ચાલુ કરી છે. વિરાર પૂર્વમા રહેતા તેમજ કૈલાશ કિસનલાલજી રાઠોડ(૩૯) જવેલર્સનો વ્યવસાય કરે છે.તેની વિરાર પૂર્વમા જીવદાની એપાર્ટમેન્ટમા જવેલર્સની દુકાન આવેલ છે.તેનો ભાઈ નરોત્તમ વિરાર પશ્ચિમમા તિરુપતિ નગરમા રહે છે.જ્વેલર્સના ભાઈના બિલ્ડીંગમા રહેતા તેઓના ગામના સોહનલાલ સુતાર સાથે ઓળખાણ હતી.સોહનલાલે મુંબઈમા રહેતો તેનો મિત્ર રાજેશ સિંહને અડધો કિલો સોનુ વેચવાનુ હોવાનુ જણાવતા જવેલર્સે તે લેવામા રસ બતાવ્યો હતો.૧૫ લાખ રૂપિયામા તે અડધો કિલો સોના લેવાનું નક્કી થયુ હતુ.તે પ્રમાણે ૩૧ જાન્યુઆરીએ રાકેશ સિંગ સાથે અન્ય બે જણ સોહનલાલને ત્યાં આવ્યા હતા. તેમજ જવેલર્સે પહેલેથી તે ૧૫ લાખ રૂપિયા સોહાલાલને આપ્યા હતા.જવેલર્સ પણ સોહનલાલના ઘરે સોનાની ડિલીવરી લેવા આવ્યો હતો.ત્યારે રાકેશસિંહ સાથે આવેલ અન્ય વ્યક્તિએ પૈસા ગણવા લીધા હતા તેમજ એક બેગમા ફરી ભરીને પાછી લોક કરીને આપી હતી.ત્યાર બાદ તે ત્રણેય જણ પૈસાની બેગ સોપીને પાછા આવવાનુ કહી નીકળી ગયા હતા.બે કલાકથી વધારે સમય વિત્યા બાદ પણ તે ત્રણેય જણ પાછા નહિ આવતા બેગ ખોલી હતી.તો તે બેગમા ૧૫ લાખ રૂપિયાને બદલે કાગળના બંડલ મળી આવ્યા હતા.અંતે જવેલર્સે રાજેશ સિહ સહિત ત્રણ જણ વિરુધ્ધ અર્નાલા પોલિસમા ગુનો નોંધાવ્યો હતો.

# એક વેપારી પાસેથી ૨૫ લાખ વસુલ્યા બાદ બીજા પાસેથી ૧૬ લાખ વસુલવા જતા પોલિસની પકડમાં

### એનઆઈએ ના ત્રણ બોગસ અધિકારીઓની ધરપકડ

ચક્વાત ટીમ, મુંબઈ ૩ ફેબ્રુઆરી .

કાલાચોકી પોલીસે રાષ્ટ્રીય તપાસ એજન્સી (એનઆઈએ) ના અધિકારીઓ તરીકે ઓળખ આપીને લોઅર પરેલ સ્થિત બુલિયન વેપારી પાસેથી બે કરોડની ખંડણી માંગી વસુલવાનો પ્રયાસ કરવા બદલ ત્રણ વ્યક્તિની ધરપકડ કરી છે. પોલીસે જણાવ્યું હતું કે તેમાંથી એક એનઆઈએમાં પોસ્ટ કરેલા ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસ (ડીસીપી) તરીકે ઓળખ આપી હતી.આરોપીઓએ ખોટા કેસમા ફસાવવાની તેમજ ગુનો નોંધવાની ધમકી આપીને વેપારી પાસેથી ૨૫ લાખની રકમ ઉઘરાવવામાં સફળ થયા હતા.પકડાયેલા આરોપીઓની ઓળખ રાજેશ બંસી પવાર, વિજયસિંગ ઉર્ફે મહેશ પંચવકત્રા અને ઈકબાલ ખાન છે. પોલીસના જણાવ્યા મુજબ ફરિયાદી મધ્ય મુંબઈનો રહેવાસી તેમજ લોઅર પરેલનો બુલિયન(સોના ચાંદી) વેપારી છે અને તેનો જથ્થાબંધ અને છૂટક સોનાનો વ્યવસાય કરે છે. સૂત્રો દ્વારા જાણવા મળ્યુ છે કે નવેમ્બર ૨૦૨૦ ફરિયાદીની કારને લાલબાગ નજીક ભારતમાતા જંકશન પર ત્રણ લોકોએ અટકાવી હતી. એક આરોપીએ પોતાને ડીસીપી, એનઆઈએ તરીકે ઓળખાવી, જ્યારે અન્ય બેએ તેના સાથીકર્મચારી હોવાનું જણાવ્યું હતું. તેઓએ તેની કારની ચાવી લીધી અને વેપારીને તેમના (બનાવટી) ઓળખ કાર્ડ બતાવ્યા. ત્રણેયએ વેપારીને કહ્યું કે તેમને તેમની સામે ક્રિમિનલ ફરિયાદ મળી હોવાથી, તેઓ ગુનો નોંધશે અને જો તે બે કરોડ ચૂકવવામાં નિષ્ફળ જશે તો તેના ઘર ઓફિસ પર રેડ પાડશે. તેમાથી બચવુ હોય તો વેપારી પાસે પૈસાની માગણી કરી હતી.અંતે ગભરાયેલા વેપારીએ ત્રણેય સાથે નક્કી કરી ૨૫ લાખ રૂપિયા તેઓને ચુકવ્યા હતા. ફરિયાદીએ પાછળથી "એનઆઈએ અધિકારીઓ વિશે પૂછપરછ કરી અને શોધી કાઢયું કે આવા કોઈ અધિકારીઓ આતંકવાદ વિરોધી એજન્સીમા કામ કરતા નથી. પાછળથી ફરીયાદીને એ પણ જાણવા મળ્યું હતુ કે ડિસેમ્બર ૨૦૨૦ માં બીજા વેપારી પાસેથી આવી જ રીતે ખંડણી પેટે ૧૬ લાખ રૂપિયા સ્વીકારતાં ત્રણેયની કાલાચોકી પોલીસે ધરપકડ કરી હતી. એક મહિનાની રાહ જોયા બાદ વેપારીએ બનાવટી એનઆઈએ અધિકારીઓ સામે ફરિયાદ કરતા ગુનો નોંધવામાં આવ્યો હતો. કાલાચોકી પોલિસે જેલમાંથી ત્રણેય આરોપીઓની કસ્ટડી લીધી હતી અને આ કેસમાં તેમની ભૂમિકા મળી આવ્યા બાદ તેમની ધરપકડ કરવામાં આવી હતી. કોર્ટે તેઓને ૬ ફેબ્રુઆરી સુધીના પોલીસ કસ્ટડી સોપી હોવાની માહિતી, ''ડીસીપી ઝોન -૪ ના વિજય પાટીલે જણાવ્યું હતું. તપાસ દરમિયાન આરોપીઓએ ખુલાસો કર્યો હતો કે તેઓ ટીવી ચેનલો પર સમાચારોમાં એનઆઈએ દ્વારા દાણચોરીના કેસમાં સોનાના વેપારીઓને ત્રાસ આપતા હોવાના સમાચાર જોયા છે. ડીસીપી પાટિલે ઉમેર્યું હતું કે, એનઆઈએના અધિકારીઓ તરીકે રજૂઆત કરીને તેઓને બુલિયન વેપારીઓ પાસેથી પૈસા પડાવવાનો વિચાર આવ્યો હતો. પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે આરોપી પંચાવત્ર ટોળકીનો મુખ્ય સભ્ય છે જેનો પોતાનો ધંધો હતો પરંતુ આવકવેરાના દરોડા બાદ તેને બંધ કરવો પડ્યો હતો. ત્યારબાદ તેણે ઉદ્યોગપતિઓને છેતરપિંડી કરવાનો પ્રયાસ કર્યો હોવાનું અધિકારીએ જણાવ્યું હતું.

# શ્રીલંકાએ ભારતને મોટો ઝટકો : પોર્ટ ડીલ રદ

(જી.એન.એસ.)ન્યુ દિલ્હી,તા.૩

શ્રીલંકાએ ભારતની રણનીતિક ડીલના મોર્ચે મોટા ઝટકો આપ્યો છે. હકિકતમાં ભારત અને જાપ ાનની સાથે મળીને શ્રીલંકા એક પોર્ટ ટર્મિનલ બનાવવા માટેની સમજૂતી પર હસ્તાક્ષર કર્યા હતા. પરંતુ વિપ ક્ષે દેશમાં એક અઠવાડિયાથી ચાલી રહેલા વિરોધને કારણે પ્રધાનમંત્રી મહિંદ્રા રાજપક્ષે ડીલને રદ કરવાની જાહેરાત કરી છે. હિંદ મહાસાગરમાં પોતાની મજબૂત હાજરી નોંધાવવા પ્રયાસ કરી રહેલા ભારત માટે આ મોટો ઝટકો મનાઈ રહ્યો છે. શ્રીલંકાએ બન્ને દેશોની સાથે સમજૂતી હઠળ રણનીતિક દ્રષ્ટિથી મહત્વપૂર્ણ ઈસ્ટ કન્ટેનર ટર્મિનલ બનાવવાનો નિર્ણય કર્યો હતો.

# આખરે અર્ણબ ગોસ્વામી અને તેની પત્ની વિરૂધ્ધ બદનામીનો દાવો દાખલ



ચક્રવાત ટીમ, મુંબઈ ,૩ ફેબ્રુઅરી

મુંબઈ પોલીસે આખરે રિપબ્લિક ટીવીના સંપાદક અર્ણબ ગોસ્વામી અને તેની પત્ની વિરુદ્ધ બદનામીનો દાવો દાખલ કર્યો છે. આ મામલો મુંબઈ સેશન્સ કોર્ટમાં દાખલ કરવામાં આવ્યો છે, જેમાં મુંબઈ પોલીસની બદનામી કર્યાનો આરોપ મૂકવામાં આવ્યો છે. તેથી, અર્ણબ ગોસ્વામીની મુશ્કેલીમાં વધારો થવાની સંભાવના છે. મુંબઈ પોલીસ વતી પોલીસના ડેપ્યુટી કમિશનર અભિષેક ત્રિમુખેએ ફરિયાદ નોંધાવી છે. પિટિશનમાં આરોપ લગાવવામાં આવ્યો છે કે અર્ણબ ગોસ્વામી અને તેની પત્નીએ બિનજરૂરી રીતે મુંબઈ પોલીસને બદનામ કરી છે. મુંબઈના ડેપ્યુટી કમિશનર પોલીસ અભિષેક ત્રિમુખેએ પણ અર્ણવ ગોસ્વામી અને તેના પરિવાર સામે વ્યક્તિગત માનહાનિનો દાવો કર્યો છે. અભિષેક ત્રિમુખેએ મુંબઈ સેશન્સ કોર્ટમાં ભારતીય દંડ સંહિતાની કલમ ૪૯૯, ૫૦૦ અને ૫૦૧ હેઠળ દાવો કર્યો છે. અલીબાગમાં એક આર્કિટેક્ટના નાઈકના આપઘાત મામલે અર્ણબ ગોસ્વામીને મહારાષ્ટ્ર પોલીસે પહેલા જ ધરપકડ કરી લીધી હતી. તે સમયે સુપ્રીમ કોર્ટે અર્ણવ ગોસ્વામીને રાહત આપી હતી. ત્યારબાદ મુંબઈ પોલીસે ટીઆરપી કૌભાંડ મામલે બ્રોડકાસ્ટ ઓડિયન્સ રિસર્ચ કાઉન્સિલ (બીએઆરસી) ના પૂર્વ સીઈઓ પાર્થ દાસગુપ્તા અને કેટલાય લોકોની ધરપકડ કરી છે. કેટલાક દિવસો પહેલા રિપબ્લિક ટીવીના એક્ઝિક્યુટિવ એડિટર અર્ણબ ગોસ્વામી અને બ્રોડકાસ્ટ ઓડિયન્સ રિસર્ચ કાઉન્સિલ (બીએઆરસી) ના ભૂતપૂર્વ સીઈઓ પાર્થ દાસગુપ્તા વચ્ચે વોટ્સએપ વાતચીતનો સ્ક્રીનશોટ સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો. પાર્થ દાસગુપ્તા ટીઆરપી કૌભાંડનો આરોપી છે અને તેનું નામ મુંબઈ પોલીસે દાખલ કરેલી ચાર્જશીટમાં પણ છે.

# મુંબઈ પાલિકાના જોઈન્ટ કમિશનરે બજેટ રજૂ કરતી વખતે પાણી સમજી સેનિટાઇઝરને પીધું

ચક્વાત ટીમ, મુંબઈ ૩ ફેબ્રુઆરી

મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનના જોઈન્ટ કમિશનર રમેશ પવારે ભૂલથી સેનિટાઇઝર પીધું છે. મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનનું બજેટ રજૂ કરવામાં આવી રહ્યું હતું ત્યારે આ ઘટના બની છે. સદભાગ્યે તેમને ધ્યાનમાં આવતા તુરંતજ તેમને પાણીની બોટલ આપવામાં આવી હતી. બીએમસીનું શિક્ષણ બજેટ રજૂ કરવામાં આવતું હતું, તે સમયે જોઈન્ટ કમિશનર રમેશ પોવાર બજેટ વાંચવા માટે આવ્યા હતા. કારણ કે એડિશનલ કમિશનર સલીલ ગેરહાજર હતા. તો અચાનક રમેશ પવાર બજેટ રજૂ કરવા ઉતાવળમાં આવી ગયા. તે બજેટ રજૂ કરતા પહેલા પાણી પીવા માંગતા હતા, પરંતુ તેણે આકસ્મિક રીતે સેનિટાઇઝરની બોટલ પકડીને મોઢામાં મૂકી દીધી. જ્યારે તેને સેનિટાઇઝર પીધાની જાણ થઈ કે તરત જ તરત જ બહાર નીકળી ગયા હતા અને મોંમાંથી સેનિટાઈઝર બહાર કાઢ્યુ. જોકે, જલદી બધાને આ ગંભીર બાબતનો અહેસાસ થતાં જ બધા જ ચિંતાગ્રસ્ત થયા હતા. એડિશનલ કમિશનર આશુતોષ સલીલ આજે મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન એજ્યુકેશન વિભાગના બજેટની રજૂઆતની શરૂઆતમાં બજેટ રજૂ કરે તેવી અપેક્ષા રાખવામાં આવી હતી, પરંતુ તેમની તબિયત લથડતા હોવાથી જોઈન્ટ કમિશનર રમેશ પવાર સભાગૃહમા ઉપસ્થિત રહ્યા હતા. શિક્ષણ સમિતિના અધ્યક્ષ સંધ્યા જોશી ગૃહમાં આવ્યા બાદ. શિક્ષણ વિભાગણું ૨૦૨૧-૨૨નું વાર્ષિક બજેટ શિક્ષણ સમિતિના અધ્યક્ષને સોંપવામાં આવ્યું હતું. રમેશ પવાર બજેટ વાંચવા માટે તેમની ખુરશી પર બેઠા હતા પણ વાંચતા પહેલા તે પાણી પીવા માંગતા હતા..તેની સામે એક સેનિટાઈઝર બોટલ અને એક પાણીની પણ હતી .ભુલથી તેઓએ સેનિટાઈઝરની બોટલ લઈ લીધી હતી અને સેનિટાઇઝર પીધુ હતુ.

# પિમ્પરી-ચિંચવાડમાં સેક્સ રેકેટનો પર્દાફાશ ૧૬ નાઈજિરિયન યુવતીઓની ધરપકડ



ચક્વાત તીમ, મુંબઈ ૩ ફેબ્રુઅરી

શહેરના પિમ્પલ ગુરવ વિસ્તારમાં એક વિશાળ સેક્સ રેકેટનો પર્દાફાશ થયો છે. સામાજિક સુરક્ષા વિભાગએ આ વિસ્તારમાંથી ૧૬ નાઈજિરિયન વેશ્યાઓને પકડી પાડ્યા છે. ચોંકાવનારી હકીકત એ છે કે ૪ યુવતીઓ આ યુવતીઓને ગ્રાહકોને સપ્લાય કરી રહી હતી. આ કાર્યવાહી અંગે સહાયક પોલીસ કમિશનર પ્રેરણા કટ્ટેએ માહિતી આપી છે.સંબંધિત મહિલાઓ અને યુવકો વિરુદ્ધ કેસ નોંધવામાં આવી રહ્યો છે. મદદનીશ પોલીસ કમિશનર પ્રેરણા કટ્ટેના માર્ગદર્શન હેઠળ પોલીસ ઈન્સ્પેક્ટર વિઠ્ઠલ કુબડે, મદદનીશ પોલીસ નિરીક્ષક નિલેશ વાઘમરે અને સાથીઓએ આ કાર્યવાહી કરી છે. ચાર દિવસ પહેલા હિંજેવાડી વિસ્તારમાં ઓલાઈન સેક્સ રેકેટ પણ સામે આવ્યું હતું. હિંજેવાડી પોલીસે ઓનલાઈન મીડિયા દ્વારા ગ્રાહકોની શોધખોળ કરીને વેશ્યાઓની ટોળકીનો પર્દાફાશ કર્યો હતો. કાર્યવાહીમાં પોલીસે ૧૩ તરુણીઓને મુક્ત કી છે. અને એકની ધરપકડ કરી. આ કેસનો આરોપી એક ગ્રાહક દ્વારા ગ્રાહકોને વેશ્યા વ્યવસાય માટે ફોન નંબર પૂરા પાડતો હતો. ગ્રાહકોનો સંપર્ક કર્યા પછી, તેમને છોકરીઓના ફોટા મોકલવામાં આવ્યા હતા. ગ્રાહકે યુવતીની પસંદગી કર્યા પછી, છોકરીને જ્યાં જોઈતી હતી ત્યાં મોકલી આપવામાં આવી. બદલામાં ૮,૦૦૦ થી ૨૦,૦૦૦ ની રકમ સંબંધિત ગ્રાહક પાસેથી લેવામાં આવી રહી હતી. હિંજેવાડી પોલીસને સેક્સ રેકેટ અંગે માહિતી મળ્યા બાદ નકલી ગ્રાહકને સોશિયલ મીડિયાનો ઉપયોગ કરીને આરોપીને મોકલવામાં આવ્યો હતો. પોલીસે ૧૩ તરૂનીઓને રેસ્ક્યુ કરાઈ છે અને એકની ધરપકડ કરી છે. આરોપીઓ પાસેથી ૪ લાખ ૧૦ હજારની કિંમતની એક કાર અને મોબાઈલ ફોન કબજે કરવામાં આવ્યો છે.

# જળગાંવમા મધરાતે બંગલા પર છ લૂંટારૂઓ ત્રાટક્યા : ૨૩ લાખની લૂંટ

ચક્વાત ટીમ, મુંબઈ ૩ ફેબ્રુઅરી

જળગાંવ શહેરના મોહડી રોડ પર દૌલતનગર વિસ્તારમાં રહેતા સ્ટીલના વેપારીના ઘરે બુધવારે સવારે ૩ વાગ્યે સશસ્ત્ર લૂંટની ઘટના સામે આવી છે. લૂંટારુઓ દ્વારા વેપારીના ઘરેથી ૩ લાખની રોકડ; ૨૦ લાખ રૂપિયાના સોના-ચાંદીના દાગીના પણ લૂંટી લીધા હતા. આ ઘટનાથી શહેરમાં હંગામો મચી ગયો છે. જંળગાંવના મોહડી રોડ પર દૌલત નગરમાં પિન્ટુ બંડુ ઈટકરે (૩૫) તેની પત્ની અને પુત્રી સાથે રહે છે. તેમના બંગલાના ગ્રાઉન્ડ ફ્લોર પર પાર્કિંગ છે. ત્યાં ઉપર બે માળ છે. આજે વહેલી સવારે ૩ વાગ્યાની આસપાસ પરિવારના સભ્યો સૂઈ રહ્યા હતા ત્યારે છ લૂંટારુઓ તેમના બંગલામાં ઘૂસી ગયા હતા. લૂંટારુઓએ તેમના ચહેરાને કપડાથી ઢાંકી દીધા હતા. તેણે ઈટકરેની પત્ની મનિષાનું મોં દબાવ્યું. પિન્ટુ ઈતકરેને છરી વડે ધમકી આપી હતી અને ઘરમાં કિંમતી ચીજો આપવા ધમકાવવામા આવ્યો હતો. ગભરાઈને ઈટકારે ઘરમાંથી ૩ લાખ રૂપિયા અને રોકડ ૨૦ લાખના ઘરેણાં લઈ લીધા બાદ છ લૂંટારુઓ ઈટકારેને ધમકી આપીને નાસી ગયા હતા. છ લૂંટારુઓમાંથી પાંચના ચહેરા કપડાથી ઢંકાયેલા હતા. છઠ્ઠાએ તેના ચહેરા પર રંગીન માસ્ક પહેર્યુ હતુ.. તે મધરાતના ૩ થી ૪ વાગ્યા સુધી ઈતકરના ઘરે તેઓ હતા.અહીંથી ભાગી જતાં તેણે બંગલાના ગ્રાઉન્ડ ફ્લોર પર લગાવેલા સીસીટીવીના ડીવીઆરને કાઢીને લઈ લીધા હતા. તેમજ તેઓએ બંને પતિ-પત્નીનો મોબાઈલ લઈને નીચે ફેંકી દીધો હતો. ગભરાઈ ગયેલા ઈતકારે દંપતીએ પરોઢિયે રામાનંદનગર પોલીસ મથકે દોડી ગયા હતા. આ કેસમાં ફરિયાદ નોંધાવી. આ પછી, રામાનંદનગર પોલીસ સાથે એલસીબીની ટીમે સ્થળ મુલાકાત લીધી હતી અને તેનું નિરીક્ષણ કર્યું હતું. આ બનાવની માહિતી મળ્યા બાદ પોલીસ અધિક્ષક ડો. પ્રવીણ મુંડે અને અધિક પોલીસ અધિક્ષક ચંદ્રકાંત ગવળીએ પણ સ્થળની મુલાકાત લીધી હતી અને તેનું નિરીક્ષણ કર્યુ હતું.

# માત્ર ૪૦૦ રૂપિયા માટે બે મિત્રો વચ્ચે મારામારીએ એકનું મોત, ઘટના સીસીટીવીમાં કેદ

ચક્વાત ટીમ ,મુંબઈ ૩ ફેબ્રુઆરી

બે મિત્રો ફક્ત ૪૦૦ રૂપિયા માંટે ઝઘડ્યા હતા. ઈલેક્ટ્રિક પોલ સાથે ટકરાતાં એક મિત્રનું મોત નીપજ્યું હતું. આ તમામ ઘટના સીસીટીવીમાં કેદ થઈ હતી. પોલીસે આ કેસમાં આરોપીની ધરપકડ કરી છે. આ ઘટના ઉલ્હાસનગર કેમ્પ નંબર ૫ માં સાઈનાથનગરના મુખ્ય રસ્તાની બાજુમાં થયું હતું. ફઈમ શેખ અને સોનુ ગુપ્તા સાઈનાથનગર વિસ્તારમાં આવેલા ઉલ્હાસનગર કેમ્પ નંબર ૫ માં રહેતા હતા. બંને જણ એક જ જિન્સ કંપનીમાં કામ કરતા હતા. ફહિમે સોનુ પાસેથી ૪૦૦ રૂપિયા ઉધાર લીધા હતા. ઘણા દિવસો પછી પણ ફહિમે પૈસા પાછા આપ્યા,ન હતા. તેથી સોનુએ તેની પાસે પૈસાની માંગણી કરેતા. પૈસા અંગે બંને વચ્ચે દલીલ થઈ હતી. આ દલીલેમારામારીમાં ફેરવાઈ ગઈ હતી. મંગળવારે સવારે સાડા અગિયાર વાગ્યાની આસપાસ બંને વચ્ચે ભારે બોલાચાલી થઈ હતી. આ દલીલ બાદ બંને વચ્ચે ઝઘડો થયો હતો. બંને વચ્ચેના વિવાદને કેટલાક નાગરિકોએ મધ્યસ્થી કરી હતી. પરંતુ બંને વચ્ચે લડત ચાલુ રહી. આ ઝઘડામાં સોનુએ ફીમ શેખને ધક્કો માર્યો હતો અને તે વીજળીના થાંભલા સાથે ટકરાયો હતો. તેને માથામાં ગંભીર ઈજાઓ પહોંચી હતી અને સ્થળ પર જ તેનું મોત નીપજ્યું હતું. આ અંગે હિલલાઈનન પોલીસમાં કેસ નોંધવામાં આવ્યો છે. પોલીસે આરોપીની ધરપકડ કરી છે.

# ક્રૂડ પામતેલમાં ૫૩,૮૩૦ ટનના વોલ્યુમ સાથે ઓપન ઈન્ટરેસ્ટ ૧,૦૭,૫૦૦ ટનના સ્તરે

ચક્વાત ટીમ, મુંબઈ,૦૩

વિવિધ કોમોડિટી વાયદા, ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં મળીને પ્રથમ સત્રમાં એમસીએક્સ પર ૨૧૫૨૭૮ સોદામાં રૂ.૧૪૦૨૫.૮૭ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાના ભાવમાં એકંદરે વૃદ્ધિ હતી. માત્ર સોનું-મિનીનો વાયદો નોમિનલ ઢીલો હતો. બિનલોહ ધાતુઓ સુધરી આવી હતી. એનર્જીમાં ક્રૂડ તેલ વધવા સામે નેચરલ ગેસ ઘટ્યું હતું. કૃષિ કોમોડિટીઝમાં ક્રૂડ પામતેલ (સીપીઓ)માં ૫૩,૮૩૦ ટનના વોલ્યુમ સાથે ઓપન ઈન્ટરેસ્ટ ૧,૦૭,૫૦૦ ટનના સ્તરે પહોંચ્યો હતો. કપાસ અને કોટનના વાયદા વધ્યા હતા, જ્યારે રબર, સીપીઓ અને મેન્થા તેલમાં નરમાઈ હતી. કોમોડિટી વાયદાઓમાં કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં કુલ ૧૨૦૧૨૯ સોદાઓમાં રૂ.૬૨૧૮.૪૮ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૪૭૯૨૫ ખૂલી, ઊપરમાં રૂ.૪૭૯૫૫ અને નીચામાં રૂ.૪૭૭૨૫ ના મથાળે અથડાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૦૬ વધીને રૂ.૪૭૮૫૭ બંધ રહ્યો હતો. ગોલ્ડ-ગિની ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ.૬૬ વધીને ૮ ગ્રામદીઠ રૂ.૩૮૫૫૪ અને ગોલ્ડ-પેટલ ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ.૬ વધીને ૧ ગ્રામદીઠ રૂ.૪૭૭૮ થયા હતા, જ્યારે સોનું-મિની ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૭ ઘટીને બંધમાં રૂ.૪૭૭૪૫ ના ભાવ રહ્યા હતા. ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ.૬૮૦૪૮ ખૂલી, ઊપરમાં રૂ.૬૯૧૪૭ અને નીચામાં રૂ.૬૭૭૨૩ ના સ્તરને સ્પર્શી પ્રથમ સત્રનાં અંતે રૂ.૬૦૮ વધીને રૂ.૬૮૧૪૯ બંધ રહ્યો હતો. ચાંદી-મિની ફેબ્રુઆરી રૂ.૫૭૪ વધીને રૂ.૬૮૦૯૫ અને ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી રૂ.૫૫૮ વધીને રૂ.૬૮૦૭૯ બંધ રહ્યા હતા. એનર્જી સેગમેન્ટમાં કુલ ૬૭૬૦૭ સોદાઓમાં રૂ.૩૭૪૬.૧૦ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ.૪૦૧૩ ખૂલી, ઊપરમાં રૂ.૪૦૪૦ અને નીચામાં રૂ.૪૦૧૦ બોલાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૨૨ વધીને રૂ.૪૦૨૭ બંધ રહ્યો હતો. કૃષિ કોમોડિટીઝમાં ૪૧૩૪ સોદાઓમાં કુલ રૂ.૫૪૩.૬૧ કરોડનાં કામકાજ થયાં હતાં. કોટન ફેબ્રુઆરી વાયદો ગાંસડીદીઠ રૂ.૨૧૦૩૦ ખૂલી, ઊપરમાં રૂ.૨૧૧૨૦ અને નીચામાં રૂ.૨૧૦૩૦ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૨૦ વધીને રૂ.૨૧૧૦૦ ના સ્તરે બંધ રહ્યો હતો. સીપીઓ ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ ૧૦ કિલોદીઠ રૂ.૯૭૨.૨ ખૂલી, પ્રથમ સત્રનાં અંતે રૂ.૨૪.૫ ઘટીને બંધમાં રૂ.૯૫૯.૨ ના ભાવ હતા, જ્યારે મેન્થા તેલ ફેબ્રુઆરી વાયદો કિલોદીઠ રૂ.૯૭૬ ખૂલી, ઊપરમાં રૂ.૯૭૬ અને નીચામાં રૂ.૯૬૨.૫ રહી, અંતે રૂ.૯૬૫.૧ બંધ રહ્યો હતો. કપાસ એપ્રિલ વાયદો ૨૦ કિલોદીઠ રૂ.૧૧૯૪.૫ ખૂલી, ઊપરમાં રૂ.૧૨૦૫ અને નીચામાં રૂ.૧૧૯૨.૫ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૮ વધીને રૂ.૧૨૦૨.૫ ના સ્તરે બંધ રહ્યો હતો. વાયદાઓમાં કામકાજની દૃષ્ટિએ પ્રથમ સત્ર સુધીમાં સોનાના વિવિધ વાયદાઓમાં મળીને ૧૭૪૯૮ સોદાઓમાં કુલ રૂ.૨૬૫૫.૧૯ કરોડ ની કીમતનાં ૫૫૪૦.૫૫૫ કિલો, ચાંદીના વિવિધ વાયદાઓમાં મળીને ૧૦૨૬૩૧ સોદાઓમાં કુલ રૂ.૩૫૬૩.૨૯ કરોડ ની કીમતનાં ૫૨૧.૨૭૧ ટન, ક્રૂડ તેલમાં ૨૦૧૦૦ સોદાઓમાં રૂ.૧૨૪૬.૧૪ કરોડનાં ૩૦૯૬૬૦૦ બેરલ્સ, કોટનમાં ૨૮૦ સોદાઓમાં રૂ.૨૧.૦૪ કરોડનાં ૯૯૭૫ ગાંસડી, સીપીઓમાં ૩૭૩૩ સોદાઓમાં રૂ.૫૧૮.૩૨ કરોડનાં ૫૩૮૩૦ ટન, મેન્થા તેલમાં ૧૭ સોદાઓમાં રૂ.૨.૧૯ કરોડનાં ૨૨.૬૮ ટન, કપાસમાં ૩૮ સોદાઓમાં રૂ.૯૮.૨૮ લાખનાં ૧૬૪ ટનના વેપાર થયા હતા.

સત્ય માટે, સત્ય સાથે સતત..
ચક્રવાત

# વર્ધાની ઉત્તમ ગાલવા ફેક્ટરીમાં ભયાનક વિસ્ફોટ : ૨૬ કામદારો ઘાયલ



ચક્રવાત ટીમ, મુંબઈ ૩ ફેબ્રુઅરી

મહારાષ્ટ્રના વર્ધા શહેરમાં સ્થિત ઉત્તમ ગાલવા ફેક્ટરીમાં ભારે ધડાકો થયો છે. આ વિસ્ફોટમાં ૨૬ કામદારો ઘાયલ થયાના અહેવાલ છે. આ સ્ટીલ પ્લાન્ટ વર્ધા વિસ્તારમાં આવેલું છે. હાલ ઈજાગ્રસ્તોને સારવાર માટે સેવાગ્રામ તેમજ સાવંગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. આ પ્રસંગે ફાયર વિભાગ અને સ્થાનિક વહીવટી ટીમ હાજર છે. હાલમાં વિસ્ફોટ પાછળનું કારણ જાણી શકાયું નથી. તેની અંદર અન્ય કોઈ મજૂર ફસાયેલા નથી તેની પણ તપાસ કરવામાં આવી રહી છે. સવારે સાડા દસ વાગ્યાની આસપાસ અકસ્માત થયો હતો. વિસ્ફોટ પાછળના કારણોની પણ તપાસ કરવામાં આવી રહી છે. નજીકના કામદારોએ જણાવ્યું કે કંપનીમાં ભઠ્ઠીનું કામ ચાલી રહ્યું હતું. ત્યારે હવા સાથે બોઈલરનો સળગતો કોલસો ફેક્ટરીમાં કામ કરતા કામદારો ઉપર ઉડી ગયો હતો. જેના કારણે અચાનક ધડાકો થયો હતો. આ ઘટનામાં, ત્યાં ૭ મજૂરો 30% થી વધુ દાઝી ગયા હોવાથી તેઓની હાલત ચિંતાજનક હોવાનું જાણવા મળે છે.

# ડેટિંગ એપ વાપરનારા ચેતજો...!! એક જ યુવતીએ ફસાવ્યા ૧૬ યુવાનો

## ૧૫ લાખથી વધુની ભેટો આરોપી યુવતી પાસેથી મળી!





ચક્રવાત ટીમ, મુંબઈ ૩ ફેબ્રુઅરી

સોશિયલ મીડિયા પર ઘણી ડેટિંગ એપ્સ ગુનેગારો માટે એક નવું સ્વર્ગ બની ગઈ છે. એવું બહાર આવ્યું છે કે પુણેની ૨૭ વર્ષીય યુવતીએ ૧૬ યુવકોને પોતાની જાળમાં ફસાવવા માટે આવી જ એપનો ઉપયોગ કર્યો હતો. યુવતીએ ડેટિંગ એપ્લિકેશન દ્વારા એક નહીં, બે નહીં પરંતુ એક જેટલા ૧૬ જેટલા યુવકોને તેની જાળમાં ફસાવ્યા હતા. આ લૂંટ કરનાર યુવકની નજરમાં મામલો આવ્યો અને તે પોલીસ પાસે દોડી ગયો. યુવકે ફરિયાદ નોંધાવ્યા બાદ પોલીસે ગંભીરતાને ધ્યાનમા લઈ તપાસનો દોર ચાલુ કર્યો હતો. જો કે, આ યુવતી ખૂબ હોંશિયાર હતી. તે ડેટિંગ એપથી યુવાનો સાથે મિત્રતા બનાવવા માટે પોતાનું ખાતું ખોલતી, પછી તે એકાઉન્ટ બંધ કરી નાખતી હતી. આનાથી પોલીસને તેના સુધી પહોંચવામાં મુશ્કેલી પડી હતી. જોકે પોલીસે તપાસને એક પડકાર તરીકે સ્વીકારી હતી, તેણે પણ એક સ્માર્ટ રમત રમી હતી અને તે યુવતી તેમની જાળમાં ફસાઈ ગઈ હતી. એક વરિષ્ઠ પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર, આરોપી સાયલી કાલે (૨૭, રહે. પુણે) ૧૦ ડિસેમ્બર, ૨૦૨૦ ના રોજ રાવેટમાં યુવકના ઘરે આવી હતી અને યુવકને એક સોફ્ટ ડ્રિંક આપ્યા બાદ બેભાન થયા બાદ યુવકને સોનાના દાગીના અને રોકડ રૂ. ૮૫,૦૦૦ ની લૂંટ કરી હતી. આ અંગે દેહુ રોડ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો હતો. થોડા દિવસ પહેલા ચેન્નાઈના એક યુવકને લૂંટી લીધો હતો. તેઓ ડેટિંગ એપ્લિકેશન પર ઓળખાણ થઈ હતી. યુવતીએ પ્રેમની જાળમાં ફસાવ્યો હતો. ત્યારબાદ યુવતીએ તેને પુણેમાં મળવા આમંત્રણ આપ્યું. હોટલમાં લઈ ગઈ હતી. ત્યાં યુવકને સોફ્ટ ડ્રિંકમાંથી ઘેનયુક્ત પીણુ આપવામાં આવ્યુ હતુ.. તે બેભાન થઈ ગયા બાદ તેની પાસેથી સોનાના દાગીના અને રોકડ રકમ લૂંટી લેવામાં આવી હતી.

આ અંગે વકડ પોલીસે ગુનો નોંધ્યો હતો. જ્યારે પુણેના સાધુવાસવાની રોડ પર એક ઉચ્ચ કક્ષાની સોસાયટીમાં રહેતી આરોપી સાયલી કાલે, જ્યારે પોલીસે તેની ધરપકડ કરી હતી, ત્યારે તેણે પણ ૧૬ યુવકોને લૂંટનો શિકાર બનાવ્યાનુબહાર આવ્યુ હતુ. ચલાવેલી લૂંટ્મા જેમાં સોનાની ચેન, અંગૂઠા અને મોંઘા મોબાઈલ શામેલ હતા. પોલીસે આરોપી યુવતી પાસેથી રૂ .૧૫ લાખથી વધુની તમામ લૂંટેલ માલ કબજે જપ્ત કર્યો છે. ડેટિંગ એપનો લાભ લઈને સાયલી દ્વારા લૂંટ કરનારા ૧૬ યુવાનોમાંથી માત્ર ચાર જણે તેની વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. અન્ય યુવકો બદનામ થવાના ડરથી આવી ફરિયાદો નોંધાવવામાં અચકાતા હોય છે, અને આવા ગુનાઓમાં સંડોવાયેલા ઘણાને આવું જ થયું હતું.

# દ્રિપ સિદ્ધુની ધરપકડ કરાવનારને ૧ લાખનું ઈનામ જાહેર

(જી.એન.એસ.)ન્યુ દિલ્હી,તા.૩

પ્રજાસત્તાક દિવસના પ્રસંગે લાલ કિલ્લામાં થયેલી હિંસા અને ધાર્મિક ધ્વજ ફરકાવવા મામલે દિલ્હી પ ોલીસે મોટી જાહેરાત કરી છે. દિલ્હી પોલીસે પંજાબી એક્ટર દીપ સિદ્ધૂ, જુગરાજ સિંહ, ગુરજોત સિંહ અને ગુરજંત સિંહની ધરપકડ માટે સમાચાર આપનારાને એક લાખ રૂપિયાનું ઈનામ આપવાની જાહેરાત કરી છે.

દિલ્હી પોલીસે આ લોકોની જાણકારી આપનારાને ૧ લાખ રૂપિયાનું રોકડ ઈનામની જાહેરાત કરી છે. આટલુ જ નહી દીપ સિદ્ધૂ સિવાય કેટલાક લોકોની ધરપકડ માટે ૫૦,૦૦૦ રૂપિયાના ઈનામની જાહેરાત કરવામાં આવી છે.

# પોરબંદરના ઝુરીબાગ વિસ્તારમાં બટુક ભોજનનું યોજાયું



ચક્રવાત ટીમ પોરબંદર, તા.૦૩

પોરબંદરના ઝુરીબાગ વિસ્તારમાં બટુકભોજનનું આયોજન સાગરપુત્ર સમન્વય સંસ્થા દ્વારા કરવામાં આવ્યું હતું. સાગરપુત્ર સમન્વય સંસ્થા પોરબંદરમાં સેવાકીય કાર્ય કરવા સતત સક્રિય અને કાર્યરત છે. આ વખતે ઝુરીબાગ વિસ્તારમાં બે વખત બટુક ભોજનનું વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું. પોરબંદરની જાણીતી સામાજિક સેવાભાવી સંસ્થા 'સાગરપુત્ર સમન્વય' દ્વારા સંસ્થાના પ્રમુખ પ્રવિણભાઈ ખોરાવાના સ્વ. માતુશ્રી નાથીબેન રતનશી ખોરાવાને બટુકભોજન ખૂબ જ પ્રિય હતું માટે સંસ્થાના પ્રમુખ પ્રવિણભાઈ ખોરાવા, મહેન્દ્રભાઈ જુંગી, હરજીવનભાઈ કોટિયા, અશોકભાઈ ડી. ગોહેલ તથા મહિલા પ્રમુખ લીલાબેન મોતીવરસ, ઉમાબેન ખોરાવા, રેખાબેન જુંગી, દેવેશ્રી ખોરાવા દ્વારા આયોજન કરવામાં આવ્યું.

# મહારાષ્ટ્ર ભાજપ અધ્યક્ષ દ્વારા શાર્જીલ ઉસ્માનીની ધરપકડ કરવા માંગ

## શર્જીલે કહ્યું હતું - 'આજનો હિન્દુ સમાજ સડો છે'





ચક્રવાત ટીમ, મુંબઈ ૩ ફેબ્રુઅરી

મુંબઈ. હિન્દુઓ વિરુદ્ધના કેસમાં મહારાષ્ટ્ર ભારતીય જનતા પાર્ટીના અધ્યક્ષ ચંદ્રકાંત દાદા પાટીલે શારજિલ ઉસ્માનીની ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથની પાસે ધરપકડ કરવાની માંગ કરી છે.મુખ્યમંત્રી યોગી આદિત્યનાથને લખેલા પત્રમાં પાટિલે કહ્યું કે, એલ્ગર પરિષદમાં શારજીલ ઉસ્માનીએ જણાવ્યું હતું કે આજનો હિન્દુ સમાજ બંધારણ વિરોધી ભાષણો કરીને લોકોને સડસડાટ અને ઉશ્કેરતો હતો, જેણે મહારાષ્ટ્ર સહિત હિન્દુ સમાજની ભાવનાઓને ઠેસ પહોંચાડી છે. મહારાષ્ટ્ર ભાજપ અધ્યક્ષ પાટીલે મુખ્યમંત્રી યોગીને લખેલા પત્રમાં લખ્યું છે કે શારજીલ ઉસ્માની ઉત્તર પ્રદેશના આઝમગઢ જિલ્લાના સિધારી વિસ્તારના વતની છે. તેના આપવામાં આવેલા દેશ, સમાજ અને ધર્મ વિરોધી નિવેદનો ૫ દિવસથી કરવામાં આવી રહ્યા છે, પરંતુ મહારાષ્ટ્રના ૧.૨૫ કરોડ લોકો માને છે કે રાજ્યની ઉદ્ધવ ઠાકરેની આગેવાનીવાળી સરકાર શારજીલ સામે કડક કાર્યવાહી કરશે નહીં. જ્યારે શર્જીલના નિવેદનો, સમગ્ર દેશ અને રાજ્યના લોકો ખૂબ ગુસ્સે છે સાથે સાથે દુખી પણ છે. આથી ઉત્તરપ્રદેશ પોલીસને શર્જિલ ઉસ્માની સામે એફઆઈઆર નોંધવા અને વહેલી તકે તેની ધરપકડ કરવાનો આદેશ આપો. મહારાષ્ટ્ર ભાજપ અધ્યક્ષ પાટીલે મુખ્યમંત્રી યોગીને મહારાષ્ટ્ર સહિત દેશભરના હિન્દુઓની ભાવનાઓને ઠેસ પહોંચાડનારી વ્યક્તિ સામે કડક કાર્યવાહી કરવા જણાવ્યું છે અને એમ પણ કહ્યું છે કે આ કેસનું ઉદાહરણ આખા દેશને આપવું જોઈએ જેથી શબ્દો વાપરવાની હિંમત કરશો નહીં. ઉલ્લેખનીય છે કે, અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીના પૂર્વ વિદ્યાર્થી શર્જીલ ઉસ્માનીએ ૩૦ જાન્યુઆરી ૨૦૨૧ ના રોજ પૂણેમાં એલ્ગર પરિષદના કાર્યક્રમમાં હિન્દુ સમાજ વિશે ખૂબ અપમાનજનક વાતો કહી હતી. લોકોને ઉશ્કેરતી વખતે શર્જીલે કહ્યું હતું કે આજનો હિન્દુ સમાજ સડો છે. આ સાથે સમાજમાં દ્વેષ ફેલાવવાના આશય સાથે તેની પાસે આવી બીજી ઘણી વસ્તુઓ પણ હતી. પાટિલે કહ્યું છે કે વડા પ્રધાન નરેન્દ્ર મોદી જી અને દેશની બંધારણીય સંસ્થાઓ વિરુદ્ધ આવી ભાષાનો ઉપયોગ રાષ્ટ્રીય બદનામીથી ઓછો નથી. તેમણે મુખ્ય પ્રધાન યોગીને કહ્યું છે કે, શારજીલની વકતૃત્વથી મહારાષ્ટ્ર સહિત હિન્દુ સમાજની ભાવનાઓને ઠેસ પહોંચી છે. તેથી તેની સામે એફઆઈઆર નોંધાઈ છે અને તેની ધરપકડ કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.

# નામચિન કંપનીના દૂધમાં દૂષિત પાણી ભેળવનાર આરોપીની અટક



ચક્રવાત ટીમ, મુંબઈ ૩ ફેબ્રુઆરી

નામચિન કંપનીના દૂધમા દૂષિત પાણી ભેળવનાર આરોપીની ક્રાઈમ બ્રામ્ન્ચ યુનિટ ૧૨ દ્વારા અટક કરવામા આવી છે. મુંબઈના દહિસર પૂર્વમા આવેલ ક્રાઈમ બ્રાન્ચ યુનિટ ૧૨ના પીઆઈ મહેશ તાવડેને માહિતી મળી હતી કે દિંડોશી પોલિસની હદમા મલાડ પૂર્વમા રાણી સતી માર્ગ પર આવેલ ઠાકુર ચાલમા એક વ્યક્તિ દ્વારા નામચિન કંપનીના દૂધમા દૂષિત પાણી ભેળવીને વેચવામા આવે છે. પોલિસે ૩/૦૨/૨૦૨૧ના રોજ સવારના પાંચ વાગે ફૂડ એન્ડ ડ્રગ્સના સ્ટાફ સાથે છાપો માર્યો હતો. ત્યારે આરોપી દ્વારા અમુલ અને નંદિની સ્પેશ્યલ કંપનીની મૂલ દૂધની થેલી કાપીને બહાર કાઢતો હતો. તેમજ તેમા દૂષિત પાણી ભેળવતો હતો. ત્યાર બાદ સ્ટવની પિન તેમજ મીણબત્તી વડે ફરી થેલી સિલ કરતો હતો.પોલિસે આરોપીની અટક કરી તેની પાસેથી ૧૦,૪૬૪ રૂપિયાની કિમતનું ૨૩૧ ભેળસેળયુક્ત દૂધ નષ્ટ કર્યુ હતુ. તેમજ આરોપી વિરુધ્ધ દિંડોશી પોલિસમા ગુનો નોંધાવ્યો હતો.

### ચાર ઉપપ્રમુખ અને મહામંત્રી સહિતના હોદ્દેદારોની નિમણૂંક કરવામાં આવી

# વિશ્વ ઉમિયા ફાઉન્ડેશનમાં નવા હોદ્દેદારોની વરણી



ચક્રવાત ટીમ અમદાવાદ, તા.૦૩

જગતજનની મા ઉમિયાના વિશ્વકક્ષાના ભવ્યાતિભવ્ય મંદિરના નિર્માણ થકી મા ઉમિયાની આસ્થાને વિશ્વભરમાં ઉજાગર કરવાના દૃઢ નિર્ધાર સાથે સામાજિક-વ્યાપારિકસંબંધોના વૈશ્વિકજોડાણ થકી અમદાવાદમાં વૈષ્ણોદેવી નજીક ૧૦૦ વીઘા જમીનમાં આશરે એક હજાર કરોડનાં ખર્ચે સામાજિક સશક્તિકરણ કેન્દ્ર સમા વિશ્વ ઉમિયાધામના નિર્માણ માટે સંસ્થા કટિબદ્ધ છે. સહર્ષ જણાવવાનું કે, વિશ્વઉમિયા ફાઉન્ડેશનની કાયમી ટ્રસ્ટી મંડળની મીટીંગતા.૩૧-૦૧-૨૦૨૧, રવિવારના રોજ વિશ્વઉમિયાધામ-શ્રી ઉમિયા માતાજી મંદિર, અમદાવાદ ખાતે મળી. સદર મીટીંગમાં સંસ્થાને વરેલા, તન-મન-ધનથી સેવા આપી રહેલ તેમજ પાછલા ત્રણ વર્ષની જવાબદારીપૂર્વકની કામગીરીને ધ્યાને લેતાં નીચેનાં ટ્રસ્ટીઓને કાયમી ટ્રસ્ટી મંડળના સભ્ય તરીકે નિમણૂંક કરવામાં આવેલ છે, જેમાં અરવિંદભાઈ જી. પટેલ, વી. પી. પટેલ - યુ.એસ.એ., આર. એસ. પટેલ (સી.એ.), ડૉ. પ્રભુદાસ આઈ. પટેલ, ઉદયભાઈ સી. પટેલ, રસિકભાઈ એ. પટેલ (દાઢી), ત્રંબકભાઈ એસ. ફેફર (મોરબી) તથા દામોદરભાઈ બી. પટેલ (સુરત)ની નિમણૂંક કરવામાં આવેલ છે, તેમજ કોપ્ટ સભ્યતરીકે સાંકળચંદભાઈ સી. પટેલ, સુરેશભાઈ એમ.પટેલ, પ્રવિણભાઈ એ. પટેલ તથા રાજેન્દ્રભાઈ કે. પટેલની નિમણૂંક કરવામાં આવેલ છે. આ ઉપરાંત સંસ્થાના પ્રમુખ આર. પી. પટેલના નેતૃત્વમાં હાલમાં ઉપપ્રમુખ તરીકેની જવાબદારી વહનકરતાં દીપકભાઈ એમ. પટેલ તથા ડી. એન. ગોલ ઉપરાંત નવા ૪ ઉપપ્રમુખોની વરણી કરવામાં આવેલ છે. જેમાં પ્રહલાદભાઈ એ. પટેલ (કામેશ્વર), વાડીભાઈ પી. પટેલ, નવીનભાઈ એમ.પટેલ (મુંબઈ) તથા વી. પી. પટેલ - યુ.એસ. એ. નીવરણી કરવામાં આવેલ છે. જ્યારે સંસ્થાના મહામંત્રી તરીકેની જવાબદારી સંસ્થાના કમિટેડ અને યુવા નેતા એવા રૂપેશભાઈ બી. પટેલની વરણી કરવામાં આવેલ છે તથા સંસ્થાની મહત્ત્વની નાણાંકીય જવાબદારી વહનકરતા મુ. વડીલ કાન્તિભાઈ એન. પટેલ (રામ) ની સંસ્થાના ટ્રેઝરર તરીકે વરણી કરવામાં આવેલ છે. આ ઉપરાંત મહામંત્રીને મદદરૂપ થવા નવા બે મંત્રીની નિમણૂંક કરવામાં આવેલ છે, જેમાં સુરત ચેપ્ટરકમિટીના માર્ગદર્શક દામોદરભાઈ બી. પટેલ તથા મોરબી ચેપ્ટરકમિટીના ચેરમેન ત્રંબકભાઈ એસ. ફેફરની સંસ્થાના મંત્રી તરીકે વરણી કરવામાં આવેલ છે. સદરવરણીને ઉપસ્થિત તમામ ટ્રસ્ટીઓને ઉત્સાહપૂર્વક વધાવી લઈને નવા વરાયેલા હોદ્દેદારોને અભિનંદન પાઠવ્યાહતાં.

# આઉટસોર્સિંગમાં ફરજ બજાવતા કર્મચારીઓ દ્વારા કલેકટર તથા ડીડીઓને આવેદનપત્ર



ચક્રવાત ટીમ બોટાદ, તા.૦૩

બોટાદ જિલ્લામાં વિવિધ જગ્યાએ તેમજ સીએચસી અને પીએચસીમાં આઉટસોર્સિંગ તરીકે ફરજ બજાવતા કર્મચારીઓને છેલ્લા ત્રણ માસથી પગાર ચૂકવવામાં આવેલ નથી તેમજ આઉટસોર્સિંગ તરીકે ફરજ બજાવતા કર્મચારીઓને એજન્સી દ્વારા કમીશન પણ કાપી લેવામાં આવે છે આમ આઉટસોર્સિંગના કર્મચારીઓનુ ખૂબ જ મોટા પ્રમાણમાં શોષણ થઈ રહ્યું છે જેના કારણે કર્મચારીઓને ખૂબ જ હાલાકી અને મુશ્કેલીનો સામનો કરવો પડે છે. આઉટસોર્સિંગના કર્મચારીઓએ અગાઉ પણ આવેદનપત્ર આપવામાં આવેલું હતું તેમ છતાં કોઈ નક્કર કાર્યવાહી ન થતા આજરોજ પણ તેઓ દ્વારા કલેકટર તેમજ ડી.ડી.ઓ.ને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું છે તેઓએ જણાવેલ છે કે અમને જે ત્રણ માસથી પગાર ચૂકવવામાં આવેલ નથી તે પગાર પણ તાકીદેચુકવવામા આવે અને આઉટસોર્સિંગ તરીકે જે કમિશન લેવામાં આવે છે તે બંધ કરવામાં આવે અને કર્મચારીઓને કરાર જેનો પૂર્ણ થયેલ હોય તેને રિન્યુ કરી દેવામાં આવે તેવી માંગ સાથે આજરોજ આઉટસોર્સિંગના કર્મચારીઓ દ્વારા કલેકટર તથા ડીડીઓ બોટાદના ને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. વધુમાં જણાવેલ છે કે આ બાબતે જો કોઈ નક્કર કાર્યવાહી કરવામાં નહીં આવે તો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની તેમજ ઉપવાસ આંદોલન કરવાની પણ ચિમકી ઉચ્ચારી છે.

# આણંદ જીલ્લા ઉમરેઠના જાણીતા બિલ્ડર સંજય શાહની વડોદરા એલ.સી.બી દ્વારા ધરપકડ



ચક્રવાત ટીમ આણંદ, તા.૦૩

વડોદરાના વાઘોડિયા રોડ પર સંસ્કારનગર નામની લોભામણી લાલચ આપી ૨૧ લોકો પાસેથી રૂ.૧.૫૪ કરોડ ખંખેરનાર ડી.બી.એસ પ્રાઈવેટ લિમિટેડના ડાયરેક્ટર સંજય શાહની ધરપકડ બાદ પોલીસે કોર્ટમાં રજૂ કરતાં ૫ દિવસના રિમાન્ડ મંજૂર કરાયા છે. જ્યારે એલસીબીની તપાસમાં સંજય શાહ વિરુદ્ધ ભૂતકાળમાં પણ અમદાવાદમાં છેતરપિંડીનો કેસ નોંધાયો હોવાનુ સામે આવ્યું છે. જ્યારે ફરાર ડાયરેક્ટરોમાં રાગેશ શાહ ઓસ્ટ્રેલિયા હોવાનું તેમજ અજય શાહ અમદાવાદના નારણપુરા વિસ્તારમાં આવેલા પોતાનું ઘર નાસી ગયો છે. હાલ પોલીસ અજય શાહના ઘરની બહાર વોચ ગોઠવી છે. એલસીબીના જણાવ્યા અનુસાર, આરોપી બિલ્ડર સંજય રમેશચંદ્ર શાહ (રહે- સુર બંગલોઝ, ઉમરેઠ)ની ધરપકડ કરી લેવાઈ છે. તેને શુક્રવારે કોર્ટમાં રજૂ કરતાં ૫ દિવસના રિમાન્ડ મંજૂર થયા છે. પોલીસ હવે ડી.બી.એસ.પ્રાઈવેટ લિમિટેડના ડાયરેક્ટર સંજય શાહ, ફરાર આરોપી ડાયરેક્ટર રાગેશ દ્વારકાદાસ શાહ (રહે-કમલાપુરા) અને અજય જશવંતલાલ શાહ (રહે-અમદાવાદ) સિવાય અન્ય કેટલા ડાયરેક્ટરો છે ? કોનું કોનું રોકાણ છે? તેમજ આરોપી ડાયરેક્ટરોએ ૨૧ લોકો પાસેથી ઉઘરાવેલા રૂ.૧.૫૪ કરોડ રૂપિયાનું શું કર્યું તે અંગે તપાસ હાથ ધરી છે. એલસીબીના જણાવ્યા અનુસાર, વડોદરા-વાઘોડિયા રોડ પર કમલાપુરા ગામના સ્ટેન્ડ પાસે ડીબીએસ પ્રાઈવેટ લિમિટેડ કંપની દ્વારા સંસ્કાર નગર નામની રહેણાંક મકાનની સ્કીમ મૂક્યા બાદ લોભામણી જાહેરાતો આપી મકાનો બુક કરાવનાર ૨૧ લોકો પાસેથી ૧.૫૪ કરોડ ખંખેરી છેતરપિંડી કરાતા નિવૃત્ત સરકારી કર્મચારી પ્રબોધચન્દ્ર માણેકલાલ દવેએ વાઘોડિયા પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. જ્યારે સ્કિમના ડિરેક્ટરોએ કુલ ૧૨૨ લોકો જોડે છેતરપિંડી કરી હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે. જોકે રૂપિયા ઉઘરાવ્યા બાદ પણ બિલ્ડરોએ મકાન બાંધ્યાં ન હતાં. સાઈટ પર મજૂરો પણ આવતા બંધ થઈ ગયા હતા અને બિલ્ડરોએ પોતાનો ફોન પણ બંધ કરી દીધો હતો. આખરે સ્કીમમાં રૂપિયા ભરનાર લોકોએ બિલ્ડરો વિરુદ્ધ વાઘોડિયા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. બિલ્ડર સંજય શાહ સહિતના આરોપી બિલ્ડરોએ ૨૧ લોકો પાસેથી લીધેલા રૂ.૧.૫૪ કરોડ પોતાના મોજશોખ પાછળ ઉપરાંત અન્ય શહેરોમાં મિલકતો ખરીદવા માટે પણ ઉપયોગ કર્યો હોવા અંગે પોલીસ તપાસ કરી રહી છે.

# આરસોડિયા ગામમાં ઉમિયા માતાજી મંદિરનો શિલાન્યાસ





ચક્રવાત ટીમ, તા.૦૩

જગતજનની મા ઉમિયાની આસ્થા વધુમાં વધુ ઉજાગરથાય તે માટે કલોલ તાલુકાના આરસોડિયાગામે મા ઉમિયાનીઆધ્યાત્મિક ઊર્જાના માધ્યમથી સામાજિક શક્તિ અને એકતા પ્રસ્થાપિત કરવાના ઉદ્દેશથી આરસોડિયા ગામમાં રૂા.૧ કરોડના ખર્ચે મા ઉમિયાનું શિખરબદ્ધ મંદિરનું નિર્માણ થવા જઈ રહ્યું છે, જેનો શિલાન્યાસ તા. ૦૧-૦૨-૨૦૨૧ને સોમવારના રોજ યોજાઈગયો. આ પ્રસંગે આરસોડિયાગામે થનાર જગતજનની મા ઉમિયાના શિખરબદ્ધ મંદિરના શિલાન્યાસ પ્રસંગે વિશ્વ ઉમિયાફાઉન્ડેશનના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા. જેમાં સંસ્થાના ઉપપ્રમુખ ડી. એન. ગોલ તેમજ સંગઠન કમિટીના કેન્દ્રીય મંત્રી વિક્રમભાઈ પી. પટેલ, ગાંધીનગરજિલ્લા સંગઠનના પ્રમુખ મનીષભાઈ પટેલ તથા સાંસ્કૃતિક કમિટીના કન્વીનર સાગરભાઈ પટેલ (ગાયક) એવમ્ સંગઠન કમિટીના હોદ્દેદારોના હસ્તે શિલાપૂજન કરાવવામાં આવ્યું હતું. આ સમારોહમાં ગામના વડીલો તેમજ દાતાઓ પણ શિલાપૂજનમાં જોડાયા હતા. નવ નિર્માણપામનાર ઉમિયા માતાજી મંદિરનો કુલ ખર્ચ ગામમાં વસતા કડવાપાટીદાર પરિવારો તથા અમેરિકા - કેનેડામાં (વિદેશોમાં) વસતાં ગામના મૂળ વતનીઓ દ્વારા ઉઠાવવામાં આવનાર છે. જગતજનની મા ઉમિયા સાથે મહાદેવ અને ગણપતિદાદાની પ્રાણ પ્રતિષ્ઠાપણ મંદિરપરિસરમાં કરવામાં આવનાર છે. આરસોડિયાગામમાં સદર મંદિરનું નિર્માણ પૂર્ણ થાય ત્યારે વિશ્વઉમિયાધામ-જાસપુર તરફથી જગતજનની મા ઉમિયાની આરસની મૂર્તિ મંદિરમાં પધરાવવામાં આવશે. મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા વખતે વિશ્વઉમિયાધામ મંદિર-જાસપુરથી માતાજીની મૂર્તિ વાજતે-ગાજતે યાત્રા સાથે આરસોડિયાગામના ઉમિયા માતાજી મંદિરમાં પધરાવાશે.

# બિગબોસના ભૂતપૂર્વ કન્ટેસ્ટન્ટ સ્વામી ઓમનું ૬૩ વર્ષની વયે દુઃખદ નિધન



નવી દિલ્હી,તા.૩

બિગ બોસના સૌથી વિવાદિત કન્ટેસ્ટન્ટના રૂપમાં ફેમસ થયેલા સ્વામી ઓમનું નિધન થઈ ગયું છે. તે છેલ્લા અમુક મહિનાથી બીમાર હતા. તેને ત્રણ મહિના પહેલાં કોરોના થયો હતો. ત્યારબાદ એઈમ્સમાં સારવાર ચાલી રહી હતી. સમાચાર મુજબ તેમનું અડધું શરીર પેરાલાઈઝ્ડ થઈ ગયું હતું, તેને કારણે બુધવારે તેમનું મૃત્યુ થઈ ગયું. સ્વામી ઓમે બિગ બોસ ૧૦માં ભાગ લીધો હતો.

૬૩ વર્ષીય સ્વામી ઓમે દિલ્હીમાં અંતિમ શ્વાસ લીધા. સ્વામીના મિત્ર મુકેશ જૈનના દીકરા અર્જુને આ ખબર આપી. અર્જુન અનુસાર તેમને થોડા દિવસ પહેલાં પેરાલિસિસનો અટેક આવ્યો હતો. કોરોના વાઈરસથી સાજા થયા બાદ તેમને હલન ચલન કરવામાં તકલીફ પડી રહી હતી.

છેલ્લા ૧૫ દિવસથી તેમનું સ્વાસ્થ્ય સતત બગડતું જતું હતું અને બુધવારે સવારે તેમનું નિધન થઈ ગયું. સ્વામી ઓમના અંતિમ સંસ્કાર દિલ્હીમાં નિગમ બોધ ઘાટમાં બપોરે થશે.

વિવાદિત સ્વયંભૂ બાબા સ્વામી ઓમની લાઈફ વિવાદોથી ભરપૂર હતી. ૪ વર્ષ પહેલાં તેના ભાઈ દ્વારા ફાઈલ થયેલા એક કેસમાં તેને અરેસ્ટ કરવામાં આવ્યા હતા. તેના ભાઈએ તેના પર ૯ વર્ષ પહેલાં દુકાનથી સાઈકલો અને અમુક ડોક્યુમેન્ટ ચોરવાનો આરોપ લગાવ્યો હતો.

# ગંભીરના મતે ઈંગ્લેન્ડ સામે ભારત કરશે વ્હાઈટવોશ

(જી.એન.એસ.)ન્યુ દિલ્હી,તા.૨

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે પાંચ ફેબ્રુઆરીથી પ્રથમ ટેસ્ટ ક્રિકેટ મેચની શરૂઆત થઈ રહી છે. સિરીઝ શરૂ થતા પહેલા ભારતીય ક્રિકેટ ટીમના ભૂતપૂર્વ ઓપનર ગૌતમ ગંભીરનું કહેવું છે કે ઈંગ્લેન્ડ ટીમ પાસે જે સ્પિન બોલિંગ આક્રમણ છે તે જોતા તેને લાગતું નથી કે ઈંગ્લેન્ડ એક પણ ટેસ્ટ જીતવામાં સફળ રહેશે. ઈંગ્લેન્ડની ટીમમાં સ્પિન બોલિંગમાં મોઈન અલી, ડોમ બેસ અને જેક લીચ સામેલ છે. આ ત્રણ સ્પિનરમાંથી એકમાત્ર મોઈન અલી જ અનુભવી છે. ઈંગ્લેન્ડ પાસે જે સ્પિન બોલિંગ આક્રમણ છે તે જોતા મને નથી લાગતું કે તે એક પણ ટેસ્ટ જીતી શકશે. ગંભીરે જણાવ્યું હતું કે ભારત ૩-૦થી કે પછી કદાચ ૩-૧થી જીતી શકે છે. હું પિંક બોલ ટેસ્ટમાં બંને ટીમો પાસે તક રહેલી છે. ડે-નાઈટ ટેસ્ટની પરિસ્થિતિ જોતા ઈંગ્લેન્ડ પાસે જીતવાની ૫૦ ટકા તક રહેલી છે. ભૂતપૂર્વ ઓપનરે જણાવ્યું હતું કે ઈંગ્લેન્ડના કેપ્ટન જો રૂટે શ્રીલંકામાં ધમાકેદાર પ્રદર્શન કર્યું હતું અને ટીમ ૨-૦થી જીતી હતી પરંતુ ભારતમાં તેને તેનાથી તદ્દન વિરુદ્ધ પડકારનો સામનો કરવો પડશે. જ્યારે તમે કોઈ પણ વિકેટ પર જસપ્રિત બુમરાહનો સામનો કરો છો અથવા તો ઓસ્ટ્રેલિયામાં પ્રભાવશાળી પ્રદર્શન કરનારા તથા આત્મવિશ્વાસથી ભરેલા અશ્વિનનો સામનો કરો છો ત્યારે તે તદ્દન અલગ જ પડકાર હોય છે.

# રહાણેના નેતકૃત્વમાં ખેલાડીઓ દબાણમુક્ત હોય છેઃ શેન લી

## કોહલીની કેપ્ટનશીપમાં ખેલાડીઓ ડર્યા-ડર્યા જોવા મળે છે



(જી.એન.એસ.)મેલબર્ન,તા.૨

ઓસ્ટ્રેલિયાને તેની ધરતી જ પર અનુભવી ટીમની મદદથી હરાવીને વાઈસ કેપ્ટન અજિંક્ય રહાણે રાતો રાત હીરો બની ગયો છે. એવામાં હવે સવાલ ઉઠી રહ્યા છે કે રેગ્યુલર કેપ્ટન વિરાટ કોહલીની જગ્યાએ અજિંક્ય રહાણેને જ કેપ્ટન કેમ ન બનાવી દેવામાં આવે. ઓસ્ટ્રેલિયાના પૂર્વ ક્રિકેટર શેન લીનું માનવું છે કે વિરાટ કોહલીની કેપ્ટનશિપમાં ટીમના ખેલાડી ડર્યા ડર્યા જોવા મળે છે. રહાણે ભારતની કેપ્ટનશિપ માટે શ્રેષ્ઠ વિકલ્પ છે. શેન લીએ એક વાતચીતમાં કહ્યું કે, 'વિરાટ કોહલી વિશ્વના શ્રેષ્ઠ બેટ્સમેનમાંથી એક છે પરંતુ વિરાટ કોહીલની કેપ્ટનશિપમાં ખેલાડી ડર્યા ડર્યા રહે છે. વિરાટ કોહલી ખૂબ જ પ્રોફેશનલ વાતાવરણ ઈચ્છે છે. બધા ખેલાડીઓએ ફિટ રહેવું જરૂરી હોય છે, ફીલ્ડિંગમાં સારું પ્રદર્શન કરવાનું હોય છે, ખેલાડી થોડા ડરેલા હોય છે. મેં રહાણેની કેપ્ટનશિપમાં ખેલાડીઓને દબાણમુક્ત જોયા છે.'

શેન લી ઓસ્ટ્રેલિયા માટે ૪૫ વનડે મેચ રમી ચૂક્યા છે. તેણે કહ્યું કે, તમે કેપ્ટન તરીકે અજિંક્ય રહાણેને જુઓ. હું તેને ૧૦માંથી ૧૦ પોઈન્ટ આપીશ. તેઓ શાનદાર રહ્યા છે. તેમણે સારી રીતે ભારતીય ટીમનું નેતૃત્વ કર્યું છે. હું રહાણેને જ ભારતીય ટીમના કેપ્ટન તરીકે પસંદ કરીશ.

# ઈંગ્લેન્ડ વિરુદ્ધ ધમાકો કરવા કે.એલ. રાહુલ તૈયાર

(જી.એન.એસ.)બેંગ્લુરુ,તા.૨

કાંડાની ઈજાના કારણે ઓસ્ટ્રેલિયાનો પ્રવાસ કેએલ રાહુલ માટે પૂર્ણ થઈ ગયો હતો. જોકે તે ઓસ્ટ્રેલિયા વિરૂદ્ધ વન-ડે સિરીઝ રમ્યો હતો, પરંતુ પહેલી બે ટેસ્ટ મેચોમાં તે બહાર બેઠો હતો અને ત્રીજી ટેસ્ટ મેચ પહેલા તે ઈજાગ્રસ્ત થઈ ગયો હતો. એવામાં તે ટેસ્ટ સિરીઝથી બહાર થઈ ગયો હતો. પરંતુ હવે મંગળવારે તેણે તે વાતની પુષ્ટિ કરી દીધી છે કે, તે સંપૂર્ણ રીતે ફીટ થઈ ગયો છે અને આગામી સિરીઝમાં તે ટીમ ઈન્ડિયા સાથે જોડાવાનો છે.

બેંગલુરૂ સ્થિત નેશનલ ક્રિકેટ એકેડમી એટલે એનસીએમાં રિહેબ પ્રક્રિયાથી પસાર થયા બાદ પોતાની ફિટનેસને ફરીથી હાંસલ કર્યા પછી કેએલ રાહુલ ઈંગ્લેન્ડ વિરૂદ્ધ ઘરેલુ સિરીઝ માટે ખુબ જ જલ્દી ટીમ સાથે જોડાઈ શકે છે. કેએલ રાહુલે ટ્વીટ કરીને જણાવ્યું કે,''ખુશી છે કે મેં મારા રિહેબને પૂર્ણ કર્યું છે. ફિટ અને સ્વસ્થ થવાથી વધારે સારો કોઈ અનુભવ નથી. ખેલાડીઓ સાથે પરત આવવાની મજા અને દેશનું પ્રતિનિધિત્વ કરવાનું સન્માન છે. ઘરેલુ સિરીઝની રાહ જોઈ રહ્યો છું.'' કેએલ રાહુલ, જેણે ઓસ્ટ્રેલિયામાં સીમિત ઓવરોની સિરીઝમાં બે હાફસેંચુરી ફટકારી હતી, તે ૫ ફેબ્રુઆરીથી ઈંગ્લેન્ડ વિરૂદ્ધ શરૂ થનાર પ્રથમ બે ટેસ્ટ મેચો માટે ભારતીય ટીમ સાથે જોડાઈ જશે.

# પાકિસ્તાનમાં સ્થાનિક ક્લબ આયોજીત બોક્સિંગમાં ચહેરા પર મુક્કો વાગતા બોક્સરનું ઘટના સ્થળે જ નિધન

(જી.એન.એસ.)ઈસ્લામાબાદ,તા.૨





એક દુર્ભાગ્યપૂર્ણ ઘટનામાં એક ૩૩ વર્ષિય બોક્સરનું નિધન થયું છે. શનિવારે એક સ્પર્ધા દરિમાયન વિરોધી બોક્સરે ચહેરા પર મુક્કો મારતા બોક્સરનું નિધાન થયું હતું, મોહમ્મદ અસલમ પશિનથી છે અને તેમને કિકબોક્સિંગ માટે જવાનું હતું. તે કરાચીના એક સ્થાનિક ક્લબ પાકિસ્તાન બોક્સિંગ કાઉન્સિંલ દ્વારા આયોજીત ફાઈટ નાઈટ સિરીઝ દરમિયાન ક્રુજ વેટ કેટેગરીમાં મોહમ્મદ વલીની સામે લડી રહ્યો હતો. આ લડાઈ દરમિયાન મોહમ્મદ અસલમના ચહેરા ઉપર મોહમ્મદ વલીએ મુક્કો માર્યો હતો. બાદ તે જમીન પર પટકાયો હતો અને તેનુ નિધન થયું હતું.

સોશિયલ મીડિયા ઉપર આ વીડિયો વાયરલ થઈ રહ્યો છે. વીડિયોમાં બતાવ્યા પ્રમાણે મુક્કો વાગ્યા બાદ મોહમ્મદ અશલમ જમીન બેહોશ થઈને પડી ગયો હતો. એક પ્રત્યક્ષદર્શીના જણાવ્યા પ્રમાણે અસલમને તાત્કાલિક એક ખાનગી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો. જ્યાં તેને આઈસીયૂમાં રાખવામાં આવ્યો હતો. જો કે રવિવારે બપોરે તેનુ નિધન થઈ ગયું હતું. મોહમ્મદ અશલમ અને મોહમ્મદ વલી વચ્ચે આ સ્પર્ધા શનિવારે યોજાય હતી.

પાકિસ્તાન બોક્સિંગ ફેડરેશને આ આયોજનની નિંદા કરી છે અને આયોજકોથી પોતાને અલગ કરી લીધા છે. આ સાથે આ આયોજનને ગેરકાયદે ઘોષીત કરવામાં આવ્યું છે. પાકિસ્તાન બોક્સિંગ ફેડરેશનના મહાશચિવે કહ્યુ કે, અમારો આ તથાકથિત પ્રોફેશલન બોક્સિંગ કાઉન્સિલ સાથે કોઈ સંબંધ નથી. અમારી મંજૂરી સાથે કઈ પણ કરવામાં આવ્યું નથી.

# આત્મસન્માન સાથે સમાધાન કરીને ઉપયોગ કરી રહી છું : કંગના રનૌત

(જી.એન.એસ.)મુંબઈ,તા.૨

બોલિવૂડની પંગા ગર્લ કંગના રનૌત આજકાલ તેની ફિલ્મો કરતા વધારે ટ્વીટ્સને લઈને ચર્ચામાં છે. કંગના બોલિવૂડની બોલ્ડ અભિનેત્રી છે જે હંમેશા પોતાનો અભિપ્રાય આપતા સહેજ પણ સંકોચ રાખતી નથી. કંગના સોશિયલ મીડિયા પર પોસ્ટ કરે તેની સાથે જ વાયરલ થાય છે. કંગનાએ પોતે પણ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્વિટર પર નિશાન સાધ્યું છે. તેણે ટ્વિટર પર પક્ષપાતનો આરોપ લગાવ્યો છે. હવે કંગનાએ ખુલાસો કર્યો છે કે તે આત્મસન્માન સાથે સમાધાન કરીને તેનો ઉપયોગ કરી રહી છે. એક ટ્વિટર યુઝરે એક લેખ શેર કરીને જણાવ્યું છે કે ભારત મુત્સદીગીરી હેઠળ પાકિસ્તાનને કોરોના રસી સપ્લાય કરે છે. હવે આ સમાચાર પર પ્રતિક્રિયા આપતા કંગનાએ લખ્યું, ''અને આ જ કારણ છે કે આપણા જેવા લોકો આપણા આત્મગૌરવની સાથે સમાધાન કરે છે અને આ મૂર્ખ, જુલમી અને પક્ષપાતી સામ્યવાદી પ્લેટફોર્મ ટ્વિટરનો ઉપયોગ કરે છે. કંગનાએ વધુમાં લખ્યું છે, 'કેમ કે તેઓ તમને કશું જ કહેશે નહી અને જો અમે તમને નહી કહીએ તો તમને કોણ કહેશે. દેશથી વધીને કંઈ નથી જય હિન્દ. કંગના થોડા સમયથી ટ્વિટર પર ખૂબ જ સક્રિય હતી અને તે પોતાનો મુદ્દો રાખતી હતી ભલે તે દેશ સાથે સંબંધિત કોઈ મુદ્દો હોય અથવા મનોરંજનથી સંબંધિત હોય.

# મધ્ય પ્રદેશનાં મહેશ્વર શહેરમાં વિકી કૌશલ સાથે માનુષી છિલ્લરની ફિલ્મનું શૂટિંગ થયું શરૂ



મધ્યપ્રદેશ,તા.૩

મધ્ય પ્રદેશ ફિલ્મો અને વેબ શો માટે શૂટિંગ હબ બની રહ્યું છે. આશરે મહિના પહેલાં અહી વિદ્યા બાલનની 'શેરની' ફિલ્મનું શૂટિંગ થતું હતું. હાલ 'ધાકડ'નું શૂટિંગ ચાલુ છે. ૨ ફેબ્રુઆરીએ વિકી કૌશલ અને માનુષી છિલ્લર પણ નેક્સ્ટ ફિલ્મના શૂટિંગ માટે પહોંચી રહ્યા છે. આ ફિલ્મ યશરાજ બેનરની છે. ગયા વર્ષે ઓક્ટોબર મહિનામાં ફાઈનલ થઈ હતી.

મધ્ય પ્રદેશમાં આવેલા મહેશ્વર શહેરનાં સૂત્રો તરફથી મળેલી માહિતી પ્રમાણે, મુંબઈથી ૯૦થી ૧૧૦ લોકોની ટીમ મહેશ્વર પહોંચી રહી છે. ૩૦ હોટેલમાં બુકિંગ કરવામાં આવ્યું છે. એક બાયો બબલ ક્રિએટ કરવામાં આવી રહ્યું છે. એટલે કે ટીમનો ભારના લોકોથી સંપર્ક નહિ થાય. વિકી અને માનુશી પણ શૂટિંગ પૂરું કર્યા પછી મહેશ્વર અને અન્ય જગ્યાએ જઈ શકશે.

ફિલ્મનું આખું શેડ્યુલ ૧૫થી ૨૦ દિવસનું છે. ઓંકારેશ્વર, મહેશ્વર વગેરે જગ્યાએ રોમેન્ટિક સીન અને એકાદ સોંગ શૂટ કરવામાં આવશે. બંનેના ડ્રામાવાળા અમુક સીન પણ શૂટ કરવામાં આવશે. આ લોકેશનનું લેન્ડસ્કેપ ફિલ્મનાં ડિરેક્ટર વિજય કૃષ્ણ આચાર્યને ઘણું ગમ્યું હતું. આથી મહેશ્વર લોકેશન પસંદ કર્યું.

આ લોકેશન પર અક્ષય કુમાર, સલમાન ખાન, કંગના રનૌત, હેમામાલિની, ધર્મેન્દ્ર, સની દેઓલ, બોબી દેઓલ, સોનાક્ષી સિન્હા, વરુણ ધવન અને ઈશાન ખટ્ટર પણ શૂટ કરી ચૂક્યા છે.

વિજય કૃષ્ણ આચાર્ય અને તેમની ટીમને ખુશી છે કે, મધ્ય પ્રદેશ સરકારે કોરોના વાઈરસ હોવા છતાં શૂટિંગ માટે સારી વ્યવસ્થા કરી છે. આથી અહી કોઈ ફિલ્મ કે વેબ શોના શૂટિંગમાં અડચણ આવી નથી કે સેટ પર કોરોના કેસ સાંભળવા મળ્યા નથી.

# 'ડ્રીમ ગર્લ ૨'માં આયુષ્માન અલગ- અલગ અવાજ નહીં કાઢે

(જી.એન.એસ.)મુંબઈ,તા.૨

આયુષ્માન ખુરાના હાલ નોર્થ ઈસ્ટમાં અનુભવ સિન્હાની સસ્પેન્સ થ્રિલર શૂટ કરી રહ્યો છે. ત્યારબાદ તે બેક ટુ બેક કોમેડી કરવાનો છે. તેમાં એક 'ડોક્ટર જી' અને ત્યારબાદ રાજ શાંડિલ્યની 'ડ્રીમ ગર્લ'ની સિક્વલ છે. 'ડોક્ટર જી'નું અનાઉન્સમેન્ટ થઈ ગયું છે. 'ડ્રીમ ગર્લ ૨'નું શૂટ શેડ્યુઅલ થોડા જ દિવસમાં અનાઉન્સ કરવામાં આવશે. રાજે કહ્યું, આ ફિલ્મ તો છે જ, સાથે જ હું જે ફિલ્મોને ટાઈમ ન હોવાના કારણે કરી શકતો ન હતો તેને પ્રોડ્યુસ કરી રહ્યો છું. ફૌજા સિંહની બાયોપિક. ઉમંગ કુમાર તેને ડિરેકટ કરી રહ્યા છે. ફિલ્મની કાસ્ટ પણ નક્કી થઈ ગઈ છે. અમે ટૂંક સમયમાં નામ અનાઉન્સ કરવાના છીએ. આવા વિષય પર ફિલ્મો બનવી જોઈએ. આને અમે ઓગસ્ટમાં શૂટ કરશું. વિપુલ અમારા રાઈટર છે. તે ફૌજા સિંહથી ઘણા પ્રેરિત થયા હતા તો તેણે તેમના પર સ્ટોરી લખી. રાજ આગળ જણાવે છે કે, 'ડિરેક્ટર તરીકે ડ્રીમ ગર્લ ૨ હજુ લખાઈ રહી છે. પહેલો પાર્ટ લખ્યા લખ્યા બાદ મેં આયુષ્માનને કહ્યું પણ હતું કે હું જે પણ ફિલ્મ લખીશ, સૌથી પહેલા તેને જ પીચ કરીશ. તે કોઈ કારણસર ના પાડે છે તો જ બીજે જઈશ. હાલ તો ફિલ્મ રાઈટિંગ સ્ટેજ પર છે. હજુ તેને સ્ટોરી તો નરેટ નથી કરી પણ એટલું જરૂર કહીશ કે તે આ ફિલ્મમાં લીડ હશે. જ્યાં સુધી કોન્ટ્રાક્ટ વગેરે સાઈન ન થઈ જાય, ત્યાં સુધી ૧% અનિશ્ચિત માનીને ચાલો. બાકી કાસ્ટમાં નુસરત ભરૂચા પણ છે. અન્નુ કપૂર પણ છે. આ બંને ૧00% ઓન બોર્ડ છે. રાજે જણાવ્યું કે આ વખતે અમારા હીરોનું પ્રોફેશન અલગ હશે. આ ફિલ્મની અમે સિક્વલ અને ફ્રેન્ચાઈઝી ડેવલપ કરી રહ્યા છીએ. એટલે કે જ્યાં પાર્ટ વનની સ્ટોરી પૂરી થઈ હતી, ત્યાંથી સ્ટોરી આગળ વધશે.

# શિલ્પા શેટ્ટીને ઈર્ષ્યા થતી હતી અમીષાની, બહેને મહોબ્બતેથી ડેબ્યુ કરતા ઈનસિક્યોર લાગતુ હતું



મુંબઈ,તા.૩

બોલિવૂડ એક્ટ્રેસ શમિતા શેટ્ટી ૪૨ વર્ષની થઈ. શમિતા બોલિવૂડ એક્ટ્રેસ શિલ્પા શેટ્ટીની નાની બહેન છે. શમિતાએ વર્ષ ૨૦૦૦માં 'મોહબ્બતેં'થી ડેબ્યૂ કર્યું હતું. જોકે, શમિતાને બોલિવૂડમાં ખાસ સફળતા મળી નથી. શમિતાએ 'મેરે યાર કી શાદી હૈ', 'વો લમ્હે', 'કેશ' જેવી ફિલ્મમાં કામ કર્યું હતું, પરંતુ આ તમામ ફિલ્મ ફ્લોપ રહી હતી. ત્યારબાદ તેણે 'બિગ બોસ ૯', 'ઝલક દિખલાજા ૯' તથા 'ફિયર ફેક્ટર ખતરો કે ખિલાડી ૯' જેવા રિયાલિટી શોમાં ભાગ લીધો હતો. ગયા વર્ષે તે વેબ સિરીઝ 'બ્લેક વિડો'માં જોવા મળી હતી. ૪૨ વર્ષની ઉંમરમાં પણ શમિતાએ લગ્ન કર્યા નથી.

શિલ્પા શેટ્ટીએ એક ઈન્ટરવ્યૂમાં કહ્યું હતું કે જ્યારે તેની નાની બહેન શમિતાએ બોલિવૂડ ડેબ્યૂ કર્યું હતું ત્યારે તેને અસલામતીની ભાવના થઈ હતી. શિલ્પાએ કહ્યું હતું, 'જ્યારે શમિતાએ 'મોહબ્બતેં'થી બોલિવૂડ ડેબ્યૂ કર્યું તો મને એમ જ લાગતું હતું કે તે સુંદર તથા ગોરી છે. તે મારા કરતાં સારી એક્ટ્રેસ તથા ડાન્સર છે. મને એવું લાગ્યું કે શમિતાને કારણે હવે મને કોઈ કામ આપશે નહીં.'

શિલ્પાએ કહ્યું હતું, 'જ્યારે શમિતાનો જન્મ થયો ત્યારે મને ઘણી જ અસલામતીની ભાવના થતી હતી. હું નાનપણથી જ મારી માતાને પૂછતી કે તમે આને કેમ ગોરી બનાવી અને મને કાળી? જ્યારે શમિતા રાતમાં સૂઈ જતી તો હું ઘોડિયામાં તેને ચીમટો ભરી લેતી. નાનપણમાં અમે બહુ જ ઝઘડતા હતા. એક દિવસ મેં શમિતાને પિતાની તિજોરીમાં બંધ કરી દીધી હતી. એકવાર તો મેં શમિતા પર સનમાઈકાનો ટુકડો ફેંક્યો હતો અને તેના ચહેરા પર કટના નિશાન પડી ગયા હતાં.'

# સ્થાનિક 'સ્વરાજ'નો મૃત્યુઘંટ : હવે મ્હોરાઓ થકી થશે મનમાની

'પંચાયતિ રાજ' આ શબ્દ કાને પડતા જ દેશની બહુધા વસ્તી જે ગામોમાં વસવાટ કરે છે તેનો સીધા જ દોરવણી હેઠળ કોઈ સત્તા તંત્ર ચાલી રહ્યું હોય તેવો ભાસ આપણને થાય છે. આ દેશમાં સત્તાનું વિકેન્દ્રિયકરણ થાય અને સત્તાનું કેન્દ્ર કોઈ એક શહેરમાં સ્થાપિત થવાને બદલે દેશનું જે હજારો વર્ષોથી મૂળ એકમ રહ્યું છે તે ગામ સહિત સત્તાનું વિસ્તરણ કરવા માટે 'સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ'ની જોગવાઈ કરવામાં આવેલી છે. સ્થાનિક સ્વરાજનો સીધો અર્થ એ થાય કે સ્થાનિક ક્ષેત્રમાં લોકો દ્વારા પોતાનામાંથી જ પસંદ કરવામાં આવેલ જનપ્રતિનિધી દ્વારા લોકોની પ્રાથમિક જરૂરીયાત બાબતોના કાર્યક્રમ અને વહિવટ કરવામાં આવે છે. આપણા દેશના બંધારણના ઘડવૈયાઓએ સ્થાનિક સ્વરાજની સંસ્થાઓને દેશની લોકશાહીના આધાર તરીકે ઓળખાવી છે.

**બંધારણમાં દર્શાવ્યા મુજબની સ્થાનિક સ્વરાજની મૂળ ભાવનાનો થઈ રહ્યો છે લોપ : આધુનિક જનતંત્રમાં ચર્ચા-વિચારણાનો ઉડી રહ્યો છે છેદ**

સ્થાનિક સ્વરાજ એ શબ્દ આપણા દેશ માટે કોઈ નવો નથી. છેક મૌર્યકાળમાં સ્થાનિક સ્વરાજની ભાવના સાથેનું લોકતંત્ર ભારતમાં પ્રચિલત હતું. વિહાર રાજ્યમાં કુર્મી રાજવીઓ દ્વારા ગણતંત્રની ભાવના સહીત રાજ્યો અસ્તિત્વ ધરાવતા હોવાનો પુરાવા ઈતિહાસમાં મળે છે. પરંતુ સ્થાનિક સ્વરાજને ભારતમાં સ્થાપિત કરવાનું કામ અંગ્રેજોએ કર્યું હતું. ૧૮૭૦માં લોર્ડ મેયોએ આર્થિક વિકેન્દ્રીકરણનો ઠરાવ પાસ કરવામાં આવેલ જે અંતર્ગત શિક્ષણ, સફાઈ, આરોગ્ય વિભાગને છૂટા પાડી સ્થાનિક પ્રશાસનની શરૂઆત કરવામાં આવેલ. જેને લોર્ડ રિપને સુગ્રંથિત સ્વરૂપ આપવાનું કાર્ય કરેલ. ૧૯૧૯માં GOV. of india Act (ભારત શાસન અધિનીયમ) દ્વારા સ્થાનિક સ્વરાજના વિષયને રાજ્યો અંતર્ગત લાવવામાં આવેલ. અંગ્રેજોએ સૂચવેલા સ્થાનિક સ્વરાજના મોડેલથી આપણા બંધારણના ઘડવૈયાઓ સંતુષ્ટ ન હતા. આથી તેઓએ બંધારણિય અનુચ્છેદ ૪૦માં ગ્રામ પંચાયતના ગઠનની વાત કરી રાજ્યોને ગ્રામપંચાયતોનું ગઠન કરવા આદેશ આપેલ છે.

પંચાયતિ રાજનું હાલનું પ્રચલિત અને અસલ સ્વરૂપ બંધારણના ૭૩ અને ૭૪માં સુધારા વધારા ૧૯૯૨માં સ્થાપિત કરવામાં આવેલ છે. ગુજરાતમાં હાલ ત્રિસ્તરિય પંચાયત રાજ અસ્તિત્વ ધરાવે છે જેમા ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતો તેમજ શહેરી કક્ષાએ મહાનગરપાલિકા અને નગરપાલિકાનો સમાવેશ થાય છે. સ્થાનિક સ્વરાજનો મૂળ ઉદેશ



**એક ઘા અને બે કટકા**

**જિગર સન્યાસી**

લોકો વડે, લોકો દ્વારા, લોકોના શાષન લોકતંત્રની ભાવનાને ખરા અર્થમાં સ્થાપિત કરવાનો છે. પરંતુ છેલ્લા વર્ષોમાં બંધારણની આ મૂળ ભાવનાનાનો સંપૂર્ણપણે છેદ ઉડાવી દેવામાં આવ્યું છે. લોકોને બદલે હવે પક્ષના હાઈકમાન્ડ જનપ્રતિનિધીઓ નક્કી કરે છે. સ્થાનિક ને બદલે બહારના કોઈપણ ઉમેદવારનો લોકોના માથે મારવામાં આવે છે. જે ચૂંટાયા બાદ પાંચ વર્ષ સુધી અદ્રશ્ય બની જતા હોય છે. ગામ કે શહેરનો વહીવટ જનપ્રતિનિધીઓ સાથે મળીને પરસ્પર ચર્ચા વિચારણા કરી લોકહિતમાં નિર્ણયો લઈ શકે તે માટે સાધારણ સભાની વ્યવસ્થા હોય છે. પરંતુ વર્તમાન આપખુદશાહી શાસન મોડેલમાં તેનો છેદ ઉડાડી દેવામાં આવ્યો છે અને પક્ષના બે-ચાર લોકો સંકલનના નામે જનપ્રતિનિધીઓની મરજી વિરૂધ્ધ નિર્ણયો લેવા લાગ્યા છે. સાચા અર્થમાં જન સેવક કે લોકપ્રતિનિધી કહી શકાય તેવા કર્મઠ લોકો

**પ્રજા સાથે પૈઠ ધરાવતા નેતાઓનો દુકાળ : રાજકીય પક્ષોમાં હવે નેતાઓ નહીં મેનેજરો બચ્યા છે**

હવે ચૂંટણી મેદાનમાં ઉતરવા લાયક પણ રહ્યા નથી તેમનું સ્થાન જે તે પક્ષના હાઈકમાન્ડની ચમચાગીરી કરી શકે અને હા માં હા પુરાવી શકે તેવા મ્હોરાએ લીધુ છે જે પ્રજાભિમુખ વહિવટની ક્ષમતા ધરાવતા હોતા નથી. રાજ્યસ્તરીય આકારો પોતાના મ્હોરાઓ ગોઠવીને સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓમાં મનમાની કરી રહ્યા છે ત્યારે સ્થાનિક સ્વરાજમાં હવે જનતાને પોતાનું 'રાજ' દેખાતુ હોય એવા કોઈ જ ચિહ્નો બચ્યા નથી. અન્ય બંધારણીય સંસ્થાઓની જેમ સ્થાનિક સ્વરાજની સંસ્થાઓનો પણ મૃત્યુઘંટ વાગી ચૂક્યો છે. સ્થાનિક સ્વરાજની સંસ્થાઓનો 'આત્મા' ઉડી ગયો છે. હવે માત્ર નિષ્પ્રાણ 'બોડી' બચી છે જેને જાળવી રાખવા ચૂંટણીના તરકટો ઉભા કરી લોકોને એ ભ્રમમાં રાખવામાં આવે છે કે હજુ તમારૂ જ રાજ છે.

## ગોંડલના જામવાળી ગામ પાસે ત્રિપલ અકસ્માત : બે વ્યક્તિઓના ઘટના સ્થળે મોત



ચક્રવાત ટીમ ગોંડલ,તા.૩

ગોંડલ જેતપુર નેશનલ હાઈવે પર જામવાળી ગામ પાસે ઈનોવા કાર અને પ્લેઝર,હોન્ડા સહિતના બાઈકો વચ્ચે ત્રિપલ અકસ્માત સર્જાયો હોવાની ઘટના સામે આવી છે.આ અકસ્માતમાં ૨ બાઈક સવારના ઘટના મોત નિપજયાં હતાં અને પ્લેઝર ચાલક માતાપુત્ર સહિતના ૨ વ્યક્તિઓને ઈજા થવા પામી છે.

જામવાળી ગામ પાસે ઈનોવા કાર અને બે બાઈકો વચ્ચે સર્જાયેલા અકસ્તના બનાવમાં ઈનોવા કાર ચાલકે મહિલા બાઈક ચાલકને હડફેટે લેતાં કાર ચાલકે સ્ટેરીંગ પરનો કાબૂ ગુમાવ્યાં બાદ કાર ડીવાઈડર ઠેકીને નેશનલ હાઈવે પર દોડી આવતા હોન્ડા બાઈક સવારને અથડાતા બાઈક સવાર બંને વ્યક્તિઓનાં ઘટના સ્થળે જ મોત નિપજ્યાં હતાં

જ્યારે ત્રિપલ અકસ્માતના આ બનાવમાં મૃતક બાઈક સવારોમાં સંજય મનસુખભાઈ મકવાણા ઉ.વ.૨૩ રહે. મોવિયા,ભીમાભાઈ ઉદાભાઈ ડામોર ઉ.વ.૩૦ મુકામ સાદડીયા જીલ્લો ડુંગરપુર રાજસ્થાન નામના વ્યક્તિઓનો સમાવેશ થવા પામ્યો છે.તો બીજી તરફ ઈજાગ્રસ્તમાં પ્લેઝર ચાલક ચરખડી ગામે પ્રાઈમરી સ્કૂલમાં શિક્ષક તરીકે ફરજ બજાવતા જયશ્રીબેન રાજેશભાઈ સોરઠીયા અને તેમના ૮ વર્ષના પુત્ર આરવ હોવાની વિગતો સામે આવી છે.ત્યારે ઈજાગ્રસ્ત માતાપુત્રને ગોંડલની ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યાં હતા.આ બનાવમાં ગોંડલ પોલીસે ઘટના સ્થળે દોડી જઈને તપાસ હાથ ધરી હતી તેમજ અકસ્માત સર્જીને કાર મૂકીને ફરાર થયેલા કાર ચાલકને ઝડપી પાડવાના ચક્રોગતિમાન કર્યા હતાં.

## બોટાદ ભાજપ દ્વારા ચૂંટણી સભામાં સોશિયલ ડિસ્ટન્સના લીરેલીરા



ચક્રવાત ટીમ રાજેશ શાહ,તા.૩

આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી તારીખો જાહેર થઈ ગયેલ છે.ત્યારે અલગ-અલગ પક્ષો દ્વારા પોતાના દાવેદારો ના નામો નોંધણી કરવાની અને દાવેદાર પસંદ કરવાની કામગીરી પૂરજોશમાં શરૂ થઈ ગયેલ છે ત્યારે ભાજપ દ્વારા બોટાદમાં આવેલ ભાંભણ રોડ પર આવેલ ફાર્મ હાઉસ ખાતે સ્નેહમિલન કાર્યક્રમ યોજાયેલ હતો જે કાર્યક્રમ આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીની ધ્યાને લઈ ભાજપ પક્ષ દ્વારા નીતિ નિયમો તેમજ એજન્ડા બનાવવામાં આવેલ હાજર રહેલ મંત્રીઓ પ્રમુખો અધ્યક્ષ એ કાર્યકર્તાઓમાં સંબોધતા જણાવેલ કે પાર્ટીમાં રહેના તમામ લોકો આંતરિક વિખવાદ ખતમ કરી અને એક બની આગામી ચૂંટણીમાં ભાજપ પક્ષની પૂરેપૂરો સપોર્ટ કરી જંગી જીત અપાવી બોટાદ જિલ્લા માંથી કોંગ્રેસ તેમજ અન્ય પાર્ટીઓના સુપડા સાફ કરી દેવામાં આવશે. સમગ્ર કાર્યક્રમમાં કાર્યકર્તાઓ તેમજ મંત્રીઓ અને પ્રમુખો દ્વારા કોરોના ની ગાઈડલાઈન જાણે ભુલી જ ગયા હોય તેમ માસ્ક તેમજ સોશિયલ ડિસ્ટન્સના ખુલ્લેઆમ ધજાગરા ઉડાડવામાં આવેલ હતા.

## અમદાવાદ નારોલમાં ૫૦ કબૂતરના મોત

**બર્ડ ફ્લૂની શક્યતા વચ્ચે તંત્ર દ્વારા સેમ્પલો ભોપાલ લેબમાં મોકલાયા**

અમદાવાદ,તા.૩

રાજ્યમાં જુદા જુદા શહેરો તાલુકામાં બર્ડ ફ્લૂના કિસ્સાઓ સતત બહાર આવતા રહ્યા છે. આજે શહેરના નારોલ વિસ્તારમાં આવેલ આકૃતિ ટાઉનશીપમાં એક પછી એક આશરે ૫૦ જેટલા કબૂતરના મોત પામતા ટાઉનશીપના રહીશો દ્વારા આ મામલે મહાપાલિકા તેમજ પશુપાલન વિભાગને જાણ કરવામાં આવતા તંત્રના અમલદારો તેમજ પશુ-પક્ષી રોગના નિષ્ણાંતોએ ઘટનાસ્થળે પહોંચી મૃતક કબૂતરના સેમ્પલો લઈ તપાસણી અર્થે ભોપાલ ખાતેની લેબોરેટરીમાં રવાના કરેલ છે.

રાજ્યમાં પશુ પક્ષીઓમાં બર્ડફ્લૂ દેખાતો હોવાથ મૃત્યુ પામેલ કબૂતરોમાં બર્ડફ્લૂ હોવાની આશંકા નિરાકરણ માટે સેમ્પલો ભોપાલ રવાના કરેલ છે.

બર્ડફ્લૂ રોગે ફરી એકવાર માથું ઉચક્યું છે. ગુજરાતમાં ૩૦મી જાન્યુઆરી ૨૦૨૧ સુધીમાં સરકારી ચોપડે બર્ડફ્લૂના કારણે ૮૨૮ મરઘાં, કાગડા સહિતનાં વિવિધ વિદેશી પક્ષીઓનાં મત થયા છે. પશુપાલન વિભાગે જ આ લેટેસ્ટ આંકડા હમણા બહાર પાડ્યા છે. ગુજરાત સહિત દેશના ૧૩ રાજ્યોમાં બર્ડફ્લૂ દેખાયો છે. બર્ડફ્લૂની સૌથી વધુ અસર હરિયાણામાં દેખાઈ છે. હરિયાણામાં ૨.૧૦ લાખ મરઘાના મોત થયા છે.

સરકારી રિપોર્ટ પ્રમાણે ગુજરાતમાં અત્યાર સુધીમાં ૨૩૮ મરઘાંના બર્ડફ્લૂના કારણે મોત થયા છે. આ ઉપરાંત ૫૯૦ કાગડા, પ્રવાસી પક્ષીઓનાં બર્ડફ્લૂથી મોત થયા છે.











